Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯



અંક ૭ મો. ફેબ્રુઆરી માઘ

પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


૧. શ્રી સામાન્ય જિન સ્તવન . ૧૫૩
૨. શેષાન્યોક્તિ . . . ૧૫૪
૩. નગદ ધર્મ . . . ૧૫૫
૪. સમ્યક્ત્વ પ્રાપ્તિનું મૂળ કારણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નહિ, પણ દર્શનમોહનો નિરાસ . ૧૫૮
૫. વિસનગર મંડન શ્રી શાંતિનાથ સ્તવન ૧૫૯
૬. શ્રી સિદ્ધસ્તોત્ર . . . ૧૬૦
૭. સમ્યગ્દૃષ્ટિ . . . ૧૬૨
૮. અહિંસાની અદ્‌ભુત શક્તિ—વિધિના ઉલટા રાહ . . ૧૬૪
૯. अगुरुलघुपर्याय . . ૧૬૭
૧૦. ભાવ . . . . ૧૬૯
૧૧. વૈરાગ્ય ભાવનાનાં વહેતાં ઝરણાં ૧૭૦
૧૨. વર્તમાન સમાચાર . . ૧૭૧


### નવા થયેલા માનવંતા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ રમણીકલાલ ભોગીલાલભાઈ | ભાવનગર | લાઇફ મેમ્બર. |
| ૨. | શાહ મંગળદાસ લલ્લુભાઈ | મુંબઇ | ,, |
| ૩. | મહેતા અંબાલાલ જાદવજીભાઈ | માટુંગા | ,, |
| ૪. | શ્રી અમૃતલાલ જૈન (ભાવનગરવાળા) | | ,, |

### શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભકતોને ખાસ વિનતિ.

સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજનું સ્મરણ નિરંતર સચવાઇ રહે તે માટે તા. ૩૦–૭–૪૨ ના રોજ મળેલી આ સભાની જનરલ મીટિંગે તે મહાપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરતાં સભાસદોએ નીચે પ્રમાણેની રકમ ફંડમાં ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

૧૩૭૧) ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે થયેલ ફંડ.
૧૫) પરીખ ચુનીલાલ દુર્લભદાસ-ભાવનગર.
૧૫) શેઠ હીરાલાલ મણિલાલ ,,
૧૧) એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૧) શાહ ન્યાલચંદ જાદવજી–ઘાટકોપર.
૧૦) શાહ દેવચંદ દુર્લભજી–ભાવનગર.
૫) મહેતા જેઠાલાલ મોરારજી–વરતેજ.
૫) શાહ કર્પૂરચંદ હરિચંદ–ભાવનગર.
૫) શાહ બાલુભાઇ પ્રેમચંદ ,,
૫) ભાવસાર હેમચંદ ગાંડાલાલ ,,
૫) ,, હરિચંદ ત્રિભુવનદાસ ,,
૫) ,, નાનચંદ ભગવાનદાસ ,,
૫) શેઠ છોટાલાલ ચુનીલાલ ,,

૧૪૬૮)

( ફંડ ચાલુ છે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠ ભોગીલાલભાઈ મગનલાલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાના નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબ.

સામાન્ય સંયોગોમાંથી આપબળે આગળ વધી સુંદર પ્રતિષ્ઠા મેળવી રહેલ શ્રીયુત ભોગીલાલભાઈના નામથી ભાગ્યે જ કોઈ અજાણુ હશે.

વિ. સં. ૧૯૪૩ માં ગુજરાતના એક નાના ગામડા–ડીસા કૅમ્પમાં જન્મેલ આ સાહસિક પુરુષે માત્ર પંદર રૂપિયાના એક અદના પગારદાર તરીકે મિલની નોકરી સ્વીકારી ત્યારે સ્વપ્ને પણુ ખ્યાલ નહિ હોય કે એ સદ્‌ભાગ્યશાળી પુરુષ પોતાની યશસ્વી કારકિર્દીથી આટલી સુંદર નામના મેળવશે. બુદ્ધિમત્તા અને સાહસિકવૃત્તિથી તેઓશ્રીએ મિલ ઉદ્યોગમાં પ્રગતિ સાધી. ધીમે ધીમે વધતી જતી પ્રતિષ્ઠા અને કાર્યકુશળતાના પરિણામે સને ૧૯૩૨માં ભાવનગરની મહાલક્ષ્મી મિલનું સુકાનીપદ સ્વીકારી એ મિલની તેઓશ્રીએ શરુઆત કરી. મિલનો આરંભકાળ મુશ્કેલીભર્યો હતો. કુશળતાપૂર્વક એ કપરો માર્ગ કાપી માત્ર આઠ વર્ષના ટૂંકા ગાળામાં આ મિલની એક 'સફળ મિલ' તરીકે ખ્યાતિ મેળવવા ઉપરાંત ધી માસ્તર સિલ્ક મિલ્સ લિમિટેડ નામની એક નવી મિલની તેઓશ્રીના હસ્તે સ્થાપના કરવામાં આવી. ઉદ્યોગ માટે શુષ્ક મનાતા કાઠિયાવાડમાં મિલ ઉદ્યોગની આટલી ફળદાયી સુંદર સફળતા એ તેઓશ્રીના જીવનનું ગૌરવભર્યું પ્રકરણ છે.

આમ વ્યાપાર ઉદ્યોગક્ષેત્રમાં નામના મેળવવા પછી એ વૈભવ અને પ્રતિષ્ઠા વચ્ચે તેઓશ્રી સમાજ કે સંઘને ભૂલી ગયા નથી. જાહેર સેવાની અનેકવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ વચ્ચે તેઓ એટલા જ રસપૂર્વક ગૂંથાયેલ રહે છે.

ઉદાર લાગણી અને સતત સેવાભાવે લોકસેવાના પ્રાપ્ત થતાં પ્રસંગો તેઓશ્રી અવારનવાર ઉપાડી લ્યે છે. ગરીબો પરત્વેની હમદિલી અને તેમની રાહત માટે બને તેટલું કરી છૂટવાની તમન્ના પ્રતિપળે તેમના હૃદયમાં જાગૃત હોય છે. આ ભલી લાગણીના પ્રતિકરૂપે, યુદ્ધકાળના કપરા સંયોગો વચ્ચે ભાવનગરની સમસ્ત જનતાને રાહત આપવા માટે એક લાખ ઉપરાંતના ફાળાથી ગત વર્ષે સ્થાપવામાં આવેલ "માનવ રાહત" સમિતિના સર્વપ્રિય સેવાકાર્યમાં તેઓશ્રીનો ફાળો અગ્રપદે હતો. પોતાની મિલમાં પણુ પ્રસૂતિગૃહ, વૈદકખાતું, તળાજામાં અન્નક્ષેત્ર–આશ્રમ ચલાવી અને ઉપરાંત આવા રાહત કાર્યોમાં પોતાનો ગુપ્ત દાનપ્રવાહ તેઓ ઉદારભાવે વહેતો રાખી શકયા છે. એમના આંગણે ગયેલ કોઈ પણુ અપેક્ષાવાદી ભાગ્યે જ પાછા ફરતા હશે, એ તેમની ભલી લાગણીનું પ્રતિબિંબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તળાજા તીર્થ કમિટિના માનનીય પ્રમુખ, ભાવનગર પાંજરાપોળના ઉપપ્રમુખ, વનિતા-વિશ્રામની કાર્યવાહી સમિતિના ઉત્સાહી સભ્ય, ભાવનગર સિવિક ગાર્ડના ઑ. ટ્રેઝરર, કાઠિયાવાડ મિલ ઑનર્સ એસોશીએશનના ઉપપ્રમુખ, શેઠ અનોપચંદ ગોવિંદજી વીલના ટ્રસ્ટી, શેઠ જિનદાસ ધરમદાસ પેઢીના પ્રતિનિધિ અને ભાવનગર જૈન ભોજનશાળાના ઉત્સાહી કાર્યકર તરીકે તેઓશ્રીની અર્પાતી સેવા પણ એટલીજ નોંધપાત્ર છે. ઉપરોક્ત દરેક સંસ્થાઓનું સુકાનીપદ સ્વીકારી તેઓ માત્ર બેસી રહેતા નથી; પરંતુ તે દરેકના વિકાસ માટે સુયોગ્ય કાળજી રાખી તે ક્ષેત્રમાં સતત સેવા-ફાળો આપતા રહે છે; એટલું જ નહિ પરંતુ એક પ્રમાણિક અને રાજ્યભક્ત વફાદાર શહેરી તરીકે પણ તેઓશ્રી લોકપ્રિય થઇ પડ્યા છે અને રાજ્યની દરેક પ્રવૃત્તિમાં તેમની નિમણુંક કરવામાં આવે છે. ભાવનગર રાજ્યે તેમની લોકપ્રિયતાના સન્માનાર્થે ભાવનગર રાજ્યની ધારાસભાના માનનીય સભ્ય તથા રાજ્યના સિવિલ ડિફેન્સ બૉર્ડના માનનીય મેમ્બર તથા રેફ્યુજી કમિટીના ચેરમેન તરીકે નિયુક્ત કર્યા છે.

એમનું જીવન સમાજ ઉત્કર્ષની ઉજ્જવળ ભાવનાઓથી ભરપૂર છે. ગરીબો-અશક્તોનું દુ:ખ તેમના હૃદયમાં વણાયેલ છે. જેનું કોઇ નથી એવા અશક્ત-ગરીબોની સેવા માટે આશીર્વાદરૂપ બની રહે તેવા કોઇ સેવાશ્રમની સાધના માટે તેમની બુદ્ધિ સદૈવ માર્ગમંથન કરી રહેલ છે. આ ભવ્ય મનોરથ તરતમાં પાર પડે અને આવા સેવાના કાર્યો વધુ ને વધુ હૃદયસાથી કરતા કરતા દીર્ઘાયુ થઇ તેઓશ્રી પોતાનો જીવનપથ વધુ ને વધુ યશસ્વી બનાવશે એવી આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે.

સેવા-સહાયતાની સાથોસાથ સંસ્કાર અને સાહિત્ય-સંસ્કૃતિના પણ તેઓ પ્રેમી છે. આત્મકલ્યાણના પાન કરાવતી, સાહિત્યની પરબ સમી આ સભાને પોતાની માની તેઓ તેના વિકાસમાં પણ યોગ્ય ફાળો આપી રહ્યા છે.

આ સભાના જ્ઞાનોદ્ધાર, અપૂર્વ સાહિત્યપ્રકાશન અને શિક્ષણપ્રચારના કાર્ય તરફ તેઓશ્રીનું મન ઢળતા, સભાના પ્રગતિશીલ સેવાકાર્યમાં પોતાનો સહકાર આપવા તેઓશ્રી આ સભાના માનવંતા પેટ્રન થયા છે, અને પોતાના અમૂલ્ય સંસ્કારનો વારસો, પોતાના પુત્રરત્નને આપતા હોય તેમ, તેમના પુત્ર ભાઇ રમણીકલાલભાઇને પણ આ સભાના આજીવન સભ્ય તરીકે આ સભા સાથે જોડ્યા છે. આવા સુયોગ્ય સહકાર માટે આ સભા તેઓશ્રીનો આભાર માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૯ : માઘ :
અંક : ૭ મો : વીર સં. ૨૪૬૯ ઈ. સ. ૧૯૪૩ : ફેબ્રુઆરી :

## શ્રી સામાન્ય જિન સ્તવન.

( રાગ—એ ચાંદ છૂપ ન જાના )

ઓ નાથ! ભૂલ ન જાના,
ઓ નાથ! ભૂલ ન જાના, તેરા મેં ગીત ગાઉં;
યે સાજ ભક્તિ હય દિનરાત મેં બજાઉં. ઓ નાથ૦

સંસાર કા મેં પંછી, વિષયો મેં લુભાયા,
અજ્ઞાન સે અભાગી, મેં જાલ મેં ફસાયા;
યે મોહજાળ સે મેં, અબ કૈસે મુક્તિ પાઉં. ઓ નાથ૦

કૈસી ખુશી હુઇ જબ, મેં પાયા ભવસુકાની,
જૈસે તૃષિત હરખે, પી કર મધુર પાની;
જિનરાજ છબી તેરી મેં દિલસે ના હટાવું. ઓ નાથ૦

ઓ સત્ય ધર્મવાલા, સુમતિ કા બીજ બોના,
તું જ્ઞાન સે યે મેરા, અંતર કા મેલ ધોના;
મેં દાસ યશોભદ્ર, તબ શિવસુખ પાઉં. ઓ નાથ૦

—મુનિશ્રી યશોભદ્રવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# शेषान्योक्ति.

श्लोक ( અનુષ્ટુપ )

**अनेके फणिनः सन्ति, भेकभक्षणतत्पराः ।**
**एक एव हि शेषोऽयं, धरणीधरणः क्षमः ॥ १ ॥**

દુનિયામાં બનતા બનાવોના અવલોકનથી આપણને સ્પષ્ટ પુરાવાઓ મળે છે કે બહુધા માનવશક્તિ ગરીબોને દબાવવા એ જ પોતાની શક્તિની સફલતા માને છે, આ પ્રકારની માન્યતા મનુષ્યજીવનને છેક ક્ષુદ્ર પંક્તિમાં મૂકે છે. કોઇ સંયોગોવશાત્ જ્યારે માનવને સંપત્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે જરૂર એ શક્તિઓનો સદુપયોગ કરી આ જીવનયાત્રા સફલ કરવી એ જ ઊંચામાં ઊંચી કર્ત્તવ્યતા છે. શક્તિઓ કે સમૃદ્ધિઓ અખંડ–અવિચ્છિન્ન રહેતી નથી, રહી નથી તેમ રહેવાની પણ નથી જ; પણ એ સંપત્તિઓ જ્યાં સુધી આપણા હાથમાં છે, ત્યાં સુધીમાં તેને જનસમાજના હિતાર્થે–પરમાર્થે વાપરવી, દુઃખિયાનાં દુઃખો ફેડવાં, હૃદયમાં ગરીબીના કારી જખમો પર સહાયતાના ઠંડા મલમપટ્ટાઓ લગાડવા વગેરે ધાર્મિક ક્રિયાઓ કરી " આવ્યો હિ ઓળખવો " એ જ સર્વોત્તમ ફરજ કે ધર્મ છે. જો મોહાંધ થઇ એ શુભ લહાવો ન લઇ શકાયો તો આ " **चार दि की चांदनि में आखर अंधेरो हे ।** "

ઉપરની અન્યોક્તિનો માર્મિક ભાવ બહુ સમજવા જેવો છે. કવિ કહે છે કે આ પૃથ્વીની પીઠ પર એવા સર્પો તો અનેક–અગણિત છે કે જે માત્ર દેડકાં જેવા પ્રાણીઓનું ભક્ષણ કરીને ઉદરનિર્વાહ ચલાવે છે અર્થાત માત્ર પોતાનું પેટ, અને તે પણ નાનાં, નિર્બળ પ્રાણીના ભક્ષથી જ ભરે છે, પણ જેમ શેષનાગ પોતાની પીઠ પર આખી પૃથ્વીનો ભાર વહન કરે છે અર્થાત્ પોતે ભારરૂપી દુઃખ વેઠીને પણ જગતને શાંતિ આપી રહ્યો છે, એ જ પ્રમાણે વૃક્ષો, સંતો, મેઘ અને પરમાર્થી જનો જે સદા પરદુઃખભંજનમાં પોતાની ઇતિ કર્ત્તવ્યતા માની કર્ત્તવ્યનિષ્ઠ જ સદા રહે છે. એવી પરમાર્થપ્રેમી વિભૂતિ જ જગદ્વંદ્ય–જગતમાન્ય છે. તેઓની જ બલિહારી છે.

આ નિત્યબોધક " પ્રકાશ " પત્રના વહાલા વાચક બન્ધુઓ !

છેવટ નમ્ર વિજ્ઞાપન કરું છું કે આપણે પણ શક્તિ અનુસાર–'ફૂલ નહીં તો ફૂલની પાંખડી'થી પણ ગરીબોની સહાયતા અને ગર્વિષ્ઠપણાનો ત્યાગ એ બે રૂડા માર્ગે વિચરવા હંમેશા તત્પર રહીશું.

તા. ૨૫–૧–૪૩.
ચન્દ્રવાસર.
વડવા–**ભાવનગર.**

લિ૦ પરમાર્થમાર્ગનો પંથી,
**રેવાશંકર વાલજી બધેકા.**
નીતિધર્મોપદેશક, ઉ. કન્યાશાળા–**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નગદ ધર્મ

લેખક: આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

સંસારમાં કેટલાક જીવો કહે છે કે અમારે નગદ ધર્મ જોઇએ છે, ઉધાર નથી જોઈતો. તો તેમને જણાવવાનું કે વીતરાગનો ધર્મ નગદ છે, ઉધાર નથી. પરંતુ નગદ અને ઉધારનું સાચું સ્વરૂપ તેમણે ઓળખવું જોઇએ, કારણ કે કેટલાક ધનસંપત્તિ આદિ જડ વસ્તુઓની પ્રાપ્તિને ધર્મનું ફળ માને છે અને તે ધર્મ કરવાથી તત્કાળ ન મળતી હોવાથી પરલોકમાં મળે છે એવું કહેવામાં આવવાથી તેઓ તેને ઉધાર કહે છે; પરંતુ આમ તેમનું સમજવું ઠીક નથી, કારણ કે તેઓ પ્રથમ ધર્મનું સ્વરૂપ સમજ્યા નથી.

ધર્મ તે એક ધર્મીમાં રહેવાવાળો ગુણ છે. જેમ કે: સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર એ આત્માનો ધર્મ છે અને તે આત્મામાં રહેલો છે. જે પ્રવૃત્તિ કરવાથી સમ્યગજ્ઞાન, દર્શન, ચારિત્રાદિ પ્રગટ થાય તે ધર્મ કર્યો કહેવાય છે, બાકી કંઈ ધર્મ નવો કરાતો નથી પણ ધર્મ નિમિત્તે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં ધર્મનો આરોપ કરીને માણસો કહે છે કે અમે ધર્મ કરીએ છીએ. સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રાદિ ફળ–કાર્ય છે અને તે નિમિત્તે કરવામાં આવતી ક્રિયા તે કારણ છે. ક્રિયારૂપ કારણમાં સમ્યગ્જ્ઞાનાદિ ધર્મરૂપ કાર્યનો ઉપચાર કરવાથી ધાર્મિક ક્રિયા કહેવાય છે. આવી ધાર્મિક ક્રિયાઓનું ફળ તત્કાળ મળે છે અને જો ફળ તત્કાળ ન મળે તો તે ધાર્મિક ક્રિયા દેખાવ પૂરતી જ હોય છે. જેમ કે: સમભાવરૂપ ફળ મેળવવા સામાયિકની ક્રિયા કરવામાં આવે છે, ઔદયિક ભાવથી ઉપશમ ભાવ પ્રાપ્ત કરવા પ્રતિક્રમણ કરવામાં આવે છે, કષાય આદિને ઉપશમાવવા ઉપવાસ આદિ કરવામાં આવે છે વગેરે વગેરે ક્રિયાઓ કર્યા પછી તરત જ સમભાવ-ઉપશમભાવ આદિ તરત જ પ્રાપ્ત થાય છે; પણ આ ભવમાં કરેલાં સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જપ, તપ આદિનું ફળ સમભાવ વગેરે આવતા ભવમાં પ્રાપ્ત થતું નથી, કારણ કે રાગદ્વેષ ઉપશમ થવાનું નામ સામાયિક છે અને ઉપશમ ભાવનું જ નામ પ્રતિક્રમણ છે તો પછી સામાયિકથી સમભાવ પ્રાપ્ત કરવામાં ભવાંતરના કાળ જેટલું આંતરુ હોઇ શકે નહિ અને જે ધર્મ કરવાથી ભવાંતરોમાં પૌદ્ગલિક સંપત્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે તે ધાર્મિક ક્રિયાનું વાસ્તવિક ફળ નથી પણ તે પુણ્યકર્મનું ફળ છે કે જે ધાર્મિક ક્રિયા કરવાથી બંધાય છે. પૌદ્ગલિક સંપત્તિ સમભાવ આદિ ધર્મ નથી, પણ જડ વસ્તુ છે માટે જ તે ધાર્મિક ક્રિયાનું વાસ્તવિક ફળ કહેવાતું નથી. પૌદ્ગલિક સંપત્તિઓ ક્ષણવિનશ્વર છે. સમભાવ આદિ ધર્મ નિત્ય છે. આવા નિત્ય સમભાવ આદિ પ્રાપ્ત કરવા તે જ ધાર્મિક ક્રિયાઓનું વાસ્તવિક ફળ હોવાથી તેને જ નગદ ધર્મ કહેવામાં આવે છે. પરલોકમાં પૌદ્ગલિક વસ્તુની આશા રાખીને કરવામાં આવતો ધર્મ તે નામ માત્ર જ ધર્મ કહેવાય છે, કારણ કે તેથી પુન્યસ્વરૂપ કર્મ બંધાય છે અને તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો ધર્મનું ફળ કર્મબંધ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોઇ શકે પણ કર્મનો ક્ષય હોઇ શકે. જેઓ ધર્મનું ફળ ધનસંપત્તિ માને છે અને તે ધર્મ કર્યા પછી તરત જ પ્રાપ્ત થવાથી નગદ ધર્મ માને છે પણ તે તેનું ફળ નથી, પણ પૂર્વજન્મના પુન્યનું ફળ છે અને તે જેઓ અધર્મ કરે છે તેમને પણ પ્રાપ્ત થાય છે, માટે જ ધર્મનું વાસ્તવિક ફળ તો સમભાવ આદિ કહી શકાય કે જે તરત જ મળે છે અને હમેશાં-કાયમ રહે છે.

પ્રવૃત્તિઓ ત્રણ પ્રકારની છે: કાયિક, વાચિક અને માનસિક. તેમાં કાયિક તથા વાચિક પ્રવૃત્તિ કરતાં માનસિક પ્રવૃત્તિનો ધર્મ તથા અધર્મની સાથે વધુ પ્રમાણમાં સંબંધ રહેલો છે. કોઇ એક વ્યક્તિ આપણી સાથે પ્રતિકૂળ વર્તન કરે, આપણી પ્રિય વસ્તુનો નાશ કરે અથવા તો કોઈ દુઃખદ પ્રસંગો ઊભા કરે અને તેનાથી ભિન્ન બીજી વ્યક્તિ આપણી સાથે અનુકૂળ વર્તન કરે, આપણને સુખના સાધનો મેળવી આપે. આ બન્ને વ્યક્તિઓની પ્રવૃત્તિની મન ઉપર અસર ન થવા દઇને, બન્ને વ્યક્તિઓ ઉપર સમભાવના પરિણામ રાખવા તે ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય છે. આ પ્રવૃત્તિમાં મુખ્ય માનસિક વ્યાપાર હોય છે અને ગૌણપણે કાયિક અને વાચિક વ્યાપાર પણ હોય છે. જેમ કે: તેના અવર્ણવાદ ન બોલવા, તેને માર્મિક વચન ન કહેવાં, તેનું અહિત થાય તેવો માર્ગ ન બતાવવો, પણ તેની સાથે મિષ્ટ ભાષણ કરવું, તેના સદ્ગુણોની પ્રશંસા કરવી તે વાચિક અને તેની દુઃખી અવસ્થામાં સેવા કરવી, તેને વિપત્તિમાંથી બચાવવા બનતી સહાયતા કરવી તે કાયિક. આવી રીતે વાચિક તથા કાયિક પ્રવૃત્તિઓ માનસિક પ્રવૃત્તિને અનુસરનારી હોવાથી ગૌણપણે રહેલી હોય છે કે જે સમભાવના ફળરૂપ છે અર્થાત્ સમભાવને જણાવનારી છે અને આ કાયિક, વાચિક તથા માનસિક પ્રવૃત્તિથી વિપરીત પ્રવૃત્તિ તે વિષમભાવનું ફળ છે કે જેને અધર્મ કહેવામાં આવે છે. હવે તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો ધાર્મિક પ્રવૃત્તિ અને તેનું ફળ બન્ને ઓતપ્રોત થઇને રહેલાં છે એટલે ધાર્મિક પ્રવૃત્તિની સાથે જ તેના ફળની પ્રાપ્તિ છે, પણ કાળાંતરે કે ભવાંતરે નથી; કારણ કે સમભાવનું પરિણામ તે જ ધાર્મિક પ્રવૃત્તિ અને જે ધાર્મિક પ્રવૃત્તિ તે જ સમભાવ. એવી રીતે દરેક ધાર્મિક પ્રવૃત્તિનું ફળ તેની સાથે જ રહેલું હોય છે. વચનથી પ્રિય બોલવું, હિત મિતભાષી થવું તથા કાયાથી કોઇને દુઃખ ન થાય તેવી પ્રવૃત્તિ કરવી. તે જો માનસિક સમભાવના પરિણામ સિવાય કરવામાં આવે તો તેથી પુન્ય બાંધી શકે છે કે જેનું ફળ કાળાંતરે અથવા ભવાંતરે મળે છે, કે જે પ્રવૃત્તિને કેટલાક ઉધાર ધર્મ કહે છે.

અધ્યવસાયોની વિશુદ્ધિ તે ધર્મ અને અશુદ્ધિ તે અધર્મ. કષાય અને નોકષાયોના ઉપશમથી રાગદ્વેષ ઉપશમી જઇને સમભાવ પ્રાપ્ત થવાથી અધ્યવસાયની વિશુદ્ધિ થાય છે અને અધ્યવસાયની વિશુદ્ધિથી કર્મોની નિર્જરા થવાથી આત્મગુણનો વિકાસ થાય છે કે જે ધર્મ કહેવાય છે. અધ્યવસાયની વિશુદ્ધિથી દ્રવ્યચારિત્ર વિના પણ આત્મિક ગુણોને મેળવી શકે છે; કારણ કે વિશુદ્ધ પરિણતિને ભાવચારિત્ર કહેવામાં આવે છે અને તે આત્મશુદ્ધિનું ખાસ કારણ છે. વિશુદ્ધ પરિણતિ સિવાયની ધર્મ નિમિત્તે કરવામાં આવતી કાયિક તથા વાચિક પ્રવૃત્તિને દ્રવ્યચારિત્ર કહેવાય છે. કેવળ દ્રવ્યચારિત્રથી પુન્ય બંધાય છે, પણ આત્મશુદ્ધિ થતી નથી. પુન્યબંધ ચારિત્રરૂપ ધાર્મિક પ્રવૃત્તિનું વાસ્તવિક ફળ નથી; કારણ કે તેથી તો પૌદ્ગલિક વસ્તુઓની પ્રાપ્તિ થાય છે કે જે ક્ષણવિનશ્વર હોય છે. જે ધાર્મિક પ્રવૃત્તિથી આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધિ ન થાય તે માત્ર વ્યવહારથી ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય છે. વાસ્તવિક રીતે તે ભાવચારિત્ર જ ધાર્મિક પ્રવૃત્તિ કહી શકાય કે જેનાથી આત્મશુદ્ધિ થઇ શકે છે. કેવળ દ્રવ્યચારિત્રમાં કષાય અને નોકષાયના ઉપશમ ભાવની આવશ્યકતા નથી; કારણ કે તે કેવળ કાયિક અને વાચિક પ્રવૃત્તિ સ્વરૂપ છે. ભાવચારિત્ર માનસિક પ્રવૃત્તિ સ્વરૂપ છે.

પાંચે ઇંદ્રિયોના વિષયરૂપ પૌદ્ગલિક વસ્તુઓનો કેવળ ત્યાગ કરવો તે દ્રવ્યચારિત્ર કહેવાય છે અને તેમાં રહેલી આસક્તિ તથા મમતાનો ત્યાગ કરવો તે ભાવચારિત્ર કહેવાય છે. પૌદ્ગલિક વસ્તુમાં રહેલી આસક્તિ તથા મમતા ટળી જવાથી આત્મા કર્મથી શુદ્ધ થઇને અવશ્ય વિકાસ મેળવી શકે છે કે જે વાસ્તવિક ધાર્મિક પ્રવૃત્તિનું ફળ કહેવાય છે. કેવળ દ્રવ્યચારિત્રવાળાઓને પૌદ્ગલિક વસ્તુમાં રહેલી આસક્તિ તથા મમતા ન ટળવાથી તેઓ કષ્ટાનુષ્ઠાન કરી પુન્ય બાંધે છે કે જેનું ફળ ભોગવવાને તેમને સંસારની સારી ગતિમાં અવતરવું પડે છે. ત્યાં અવાસ્તવિક ધાર્મિક પ્રવૃત્તિના ફળરૂપ પૌદ્ગલિક સુખો પ્રાપ્ત થાય છે કે જે ઉધાર ધર્મ તરીકે ઓળખાય છે. વાસ્તવિક ધાર્મિક પ્રવૃત્તિથી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમભાવ, શાંતિ, સુખ આદિ આત્મિક સ્વરૂપ પ્રાપ્ત થાય છે; કે જેને મેળવવાને સંસારની કોઇ પણ ગતિમાં અવતરવું પડતું નથી અને એટલા માટે જ આને નગદ ધર્મ કહેવામાં આવે છે અર્થાત્ ભાવચારિત્રરૂપ ધાર્મિક પ્રવૃત્તિ તે નગદ ધર્મ અને દ્રવ્યચારિત્રરૂપ ધાર્મિક પ્રવૃત્તિ તે ઉધાર ધર્મ. સાચી ધાર્મિક પ્રવૃત્તિઓનો પૌદ્ગલિક વસ્તુઓની સાથે જરાયે સંબંધ નથી, માટે જ પૌદ્ગલિક વસ્તુઓ મેળવવી તે ધર્મનું ફળ કહેવાય નહિ, કારણ કે મિથ્યાદષ્ટિ અજ્ઞાની જીવો પણ પૌદ્ગલિક સુખના સાધનો મેળવી શકે છે. મિથ્યાદષ્ટિઓની ધર્મ નિમિત્તે કરવામાં આવતી જપ, તપ પ્રવૃત્તિઓ કે જેમાં જીવોના વધ આદિ રહેલો હોય છે, તેને સમ્યગ્જ્ઞાની જીવો ધર્મ તરીકે માનતા નથી. મિથ્યાદષ્ટિઓની કરેલી ઉગ્ર તપસ્યાને અજ્ઞાન કષ્ટ તરીકે માનવામાં આવે છે, પણ ધર્મ તરીકે માનવામાં આવતી નથી, કારણ કે તેનાથી લેશ માત્ર પણ આત્મવિકાસ થતો નથી; પરંતુ પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાન કષ્ટરૂપ તપનું ફળ તે જ ભવમાં તેમને મળતું નથી પણ ભવાંતરમાં દેવગતિમાં જઇને અથવા રાજા કે શ્રીમંતને ત્યાં અવતરીને મેળવે છે. આને કેટલાક ઉધાર ધર્મ કહે છે; પરંતુ તે ધર્મ નથી પણ ધર્માભાસ છે. કેટલાએક પરલોકમાં પૌદ્ગલિક સુખ મેળવવાના આશયથી સારી ગતિ મેળવવા જપ, તપ, કષ્ટાનુષ્ઠાન કરે છે કે જે ધર્માભાસ હોવા છતાં પણ તેમાં ધર્મ માને છે. તેનાથી તેઓ ધાર્યા પ્રમાણે જન્માંતરમાં મેળવી પણ શકે છે. આવા પ્રકારની પ્રવૃત્તિથી તે ઉધાર ધર્મ કહી શકાય. વિષયાસક્ત જીવો પૌદ્ગલિક સુખની આકાંક્ષાથી જે કાંઇ તપ, જપ, કષ્ટાનુષ્ઠાન કરે છે તે ધાર્મિક પ્રવૃત્તિ કહેવાય જ નહિ; કારણ કે તેનાથી આત્માનો જ્ઞાનાદિ કોઇપણ ધર્મ પ્રગટ થતો નથી પણ પુન્યકર્મ બંધાવાથી આત્માના ગુણો ઢંકાઇ જાય છે. પુન્યકર્મ બે પ્રકારે બંધાય છે: એક તો પુદ્ગલાનંદીપણાને લઇને કરવામાં આવતા જપતપથી અને બીજું આત્મિક ગુણ મેળવવા માટે કરવામાં આવતી જપ, તપ પ્રવૃત્તિ આદિમાં કાંઇક ભવસ્થિતિ પરિપકવ થવામાં કચાશને લઇને પુન્ય બંધાય છે. આ બન્ને પ્રકારના પુન્યમાંથી જડાસક્તિથી બાંધેલા પુન્યથી ભવાંતરમાં પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ થાય છે કે જે એક સંસારવૃદ્ધિનું કારણ બને છે અને આત્મવિકાસ માટે કરવામાં આવતી પ્રવૃત્તિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ત્વ પ્રાપ્તિનું મૂળ કારણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નહિ, પણ દર્શનમોહનો નિરાસ.

સંયોજક: મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) અમદાવાદ.

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સાક્ષાત્ પ્રધાન હેતુભૂત થતો નથી. સમ્યક્ત્વવાળાને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જેટલા પ્રમાણમાં હોય છે તેટલા પ્રમાણનો ક્ષયોપશમ મિથ્યાદષ્ટિઓમાં પણ હોય છે. એ માટે સમ્યક્ત્વ પ્રાપ્તિનું મૂળ કારણ દર્શનમોહનો નિરાસ છે. ખાસ પ્રયોજનભૂત આત્મા વગેરે પદાર્થોમાં ભ્રાન્તિ ટળી જવી એ દર્શનમોહના નિરાસ ઉપર આધાર રાખે છે અને એનાથી સમ્યક્ત્વનો આવિર્ભાવ થાય છે. આવી રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સાધારણ રીતે સંજ્ઞી પંચેન્દ્રિયોમાં જ્ઞાનાવરણનો જેટલો ક્ષયોપશમ હોય છે, તે કરતાં વધુ જ્ઞાનાવરણ ક્ષયોપશમની આવશ્યકતા હોતી નથી, કિન્તુ ઉપર કહ્યું તેમ ભ્રાન્તિ નિરાસની જ અગત્યતા છે. જો કે સર્વથા ભ્રાન્તિનો નિરાસ કૈવલ્ય દશામાં થાય છે, પણ કેટલેક અંશે મુદ્દાની બાબતોમાં ભ્રાન્તિ ટળી ગઇ હોય તો ક્રમશઃ સર્વ ભ્રાન્તિ રહિત એવી ઉચ્ચ સ્થિતિ ઉપર આવવું સહેલ થઈ પડે છે. જેમ વસ્ત્રનો એક છેડો સળગતાં ક્રમશઃ તે આખું વસ્ત્ર બળી જાય છે, તેમ આત્મભ્રાન્તિનું આવરણ એક દેશથી ખસ્યું એટલે તે સર્વથા નષ્ટ થવાને યોગ્ય થઇ જાય છે. બીજનો ચંદ્ર ક્રમશઃ પૂર્ણતા ઉપર આવે છે તેમ ભ્રાન્તિના આવરણનો અંશ નષ્ટ થતાં જે બીજજ્ઞાન પ્રગટે છે તે ક્રમશઃ પૂર્ણતા ઉપર આવી જાય છે. એ કારણે સમ્યક્ત્વ એ ખરેખર મોક્ષવૃક્ષનું બીજ છે અને તેનું મુખ્યતયા મૂળ કારણ દર્શનમોહનો નિરાસ એ જ છે.

**પ્રશ્ન**—સમ્યક્ત્વનો એવો શું પ્રભાવ છે કે તેના અભાવમાં ચાહે તેટલું વિશાળ જ્ઞાન હોય, તો પણ તે અસમ્યગ્જ્ઞાન યા મિથ્યા જ્ઞાન કહેવાય છે? અને થોડું ને અસ્પષ્ટ જ્ઞાન હોય તો

---

ઉપાર્જન કરેલા પુન્યથી ભવાંતરમાં આત્મવિકાસનાં સાધન મળે છે અને કર્મનો ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરે છે. જો ભવસ્થિતિ પરિપકવ થઇ ગઈ હોય તો પુન્ય બાંધતા નથી, પણ કર્મની નિર્જરા કરીને તે જ જન્મમાં મુક્તિ મેળવે છે. ભવસ્થિતિની કચાશવાળા જો કે પુન્ય બાંધે છે તો પણ તેની સાથે કર્મની નિર્જરા કરીને કેટલાક આત્મિક ગુણો પણ મેળવે છે.

આવું પુદ્ગલાનંદી જીવોની ધર્માભાસ પ્રવૃત્તિમાં હોતું નથી. તેઓને તો ફક્ત જન્માંતરમાં પૌદ્ગલિક સુખો જ પ્રાપ્ત થાય છે અને તેમાં જ અત્યંત આસક્તિ ધારણ કરવાથી પાપકર્મ બાંધીને સંસારમાં રઝળે છે, માટે જ આત્મવિકાસીઓની ધાર્મિક પ્રવૃત્તિઓનું ફળ આત્મધર્મની પ્રાપ્તિ થવાથી તે નગદ ધર્મ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સમ્યક્ત્વ પ્રગટ થયે છતે સમ્યગ્જ્ઞાન કહેવાય છે?

**ઉત્તર**—ભગવાન તત્ત્વાર્થ સૂત્રકારે જણાવ્યું છે કે '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**।' યથાર્થ રૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની જે રુચિ તે સમ્યગ્દર્શન છે.

જગતના પદાર્થોને યથાર્થરૂપથી જાણવાની રુચિ સાંસારિક અને આધ્યાત્મિક બન્ને પ્રકારના અભિલાષો થાય છે. ધન, પ્રતિષ્ઠા આદિ કોઇ સાંસારિક વાસના માટે જે તત્ત્વજિજ્ઞાસા થાય છે, તે સમ્યગ્દર્શન નથી; કેમ કે એનું પરિણામ મોક્ષપ્રાપ્તિ ન હોવાથી એનાથી સંસાર જ વધે છે, પરન્તુ આધ્યાત્મિક વિકાસને માટે જે તત્ત્વ-નિશ્ચયની રુચિ ફક્ત આત્માની તૃપ્તિ માટે થાય છે તે સમ્યગ્દર્શન છે. આ અધ્યાત્મશાસ્ત્ર છે, એટલા માટે એમાં સમ્યગ્જ્ઞાન કે અસમ્યગ્જ્ઞાનનો વિવેક આધ્યાત્મિક દૃષ્ટિથી કરવામાં આવે છે, પણ ન્યાય યા પ્રમાણશાસ્ત્રની માફક વિષયની દૃષ્ટિથી કરવામાં આવતો નથી. ન્યાયશાસ્ત્રમાં જે જ્ઞાનનો વિષય યથાર્થ હોય તે જ સમ્યગ્જ્ઞાન-પ્રમાણ અને જેનો વિષય અયથાર્થ હોય તે જ અસમ્યગ્જ્ઞાન-પ્રમાણાભાસ કહેવાય છે; પરન્તુ આ આધ્યાત્મિક શાસ્ત્રમાં ન્યાયશાસ્ત્રને સંમત સમ્યગ્-અસમ્યગ્જ્ઞાનનો વિભાગ માન્ય હોવા છતાં પણ ગૌણ છે. અહિંયા જે જ્ઞાનથી આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ થાય તે સમ્યગ્જ્ઞાન અને જેનાથી સંસારવૃદ્ધિ અથવા આધ્યાત્મિક પતન થાય તે અસમ્યગ્જ્ઞાન એ દૃષ્ટિ મુખ્ય છે. એવો પણ સંભવ છે કે સામગ્રી ઓછી હોવાને કારણે સમ્યક્ત્વી જીવને કોઇ વાર કોઇ વિષયમાં શંકા થાય, ભ્રમણા થાય, અસ્પષ્ટ જ્ઞાન પણ થાય; છતાં તે સત્યગવેષક અને કદાગ્રહ રહિત હોવાથી પોતાનાથી મહાન, યથાર્થ જ્ઞાનવાળા અને વિશેષદર્શી પુરુષના આશ્રયથી પોતાની ભૂલ સુધારી લેવા હંમેશાં ઉત્સુક હોય છે ને સુધારી પણ લે છે. તે પોતાના જ્ઞાનનો ઉપયોગ મુખ્યતયા વાસનાનાં પોષણમાં ન કરતાં આધ્યાત્મિક વિકાસમાં જ કરે છે.

## વિસનગર મંડન શ્રી શાન્તિનાથ સ્તવન

(**રાગ**—ભૂલવા મને કહે છે, સ્મરણો ભૂલાય ક્યાંથી?)

મૂર્ત્તિ તમારી નીરખી શાન્તિ જિણંદસ્વામી!
અંતર રહ્યું છે હરખી, વૃત્તિ બધી વિરામી. ટેક૦
આનંદકેરો સાગર ઉછળે ઉમંગ ધારી;
તલ્લીન આત્મ હર્ષે, જિનદેવ! દિવ્ય નામી. મૂર્ત્તિ૦ ૧
**શય્યંભવે** નિહાળી મૂર્ત્તિ તમારી સુંદર;
સંસારબંધ ત્યાગી હરખ્યા જિણંદ પામી. મૂર્ત્તિ૦ ૨
દૃઢભાવી એકવચની, પારેવાને ઉગાર્યો;
નૃપ **મેઘરથ** પ્રતાપી જગમાં થયો સુનામી. મૂર્ત્તિ ૩
**અચિરા** તણા હે નંદન **વિસલનગર**નિવાસી;
શુભ વિશ્વશાન્તિ સ્થાપો, હરો દુઃખ પૂર્ણ કામી. મૂર્ત્તિ ૪
મૃગલાંછને સુહંતા સુવર્ણ કાન્તિ ધારી;
**હેમેન્દ્ર**ને ઉદ્ધારો જિનજી **અજિત** ધામી. મૂર્ત્તિ ૫

**—મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર

રચનાર અને વિવેચક :
**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા** એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૧૪૦ થી શરૂ )

હવે ભગવંતની આરાધનાનો પ્રકાર બતાવે છે—

**આ દેહદેવળમહીં ચિત ગર્ભ ગેહે, સંસ્થાપના જસ કરી દૃઢ ગાઢ નેહે;**
**આરાધના કરી સદેહ વિદેહ ધારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે! ૧૧**

**શબ્દાર્થ:**—આ દેહરૂપ દેવળમાં, ચિત્તરૂપ ગભારાની અંદર, દૃઢ ને ગાઢ સ્નેહથી જેની સંસ્થાપના કરી, સદેહ ભક્તજન આરાધના કરીને વિદેહપણાને પામે છે, તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો!

**વિવેચન—**

અત્રે ભક્તજન પ્રભુને કેવા પ્રકારે આરાધી કૃતકૃત્ય થાય છે, તેની વિધિ રૂપકદ્વારા સંક્ષેપે દર્શાવી છે.

જેમ પાષાણમય દેવાલયમાં ગર્ભગૃહ–ગભારાની અંદર પ્રતિમાજીની સંસ્થાપના–પ્રતિષ્ઠા કરવામાં આવે છે તેમ આ દેહરૂપ દેવાલયમાં ચિત્તરૂપ ગર્ભગૃહની અંદર ભક્ત પ્રભુની સંસ્થાપના–પ્રતિષ્ઠા કરે છે. બાહ્ય દેવાલયમાં જે સ્થાપના છે તે દ્રવ્યસ્થાપના છે અને અત્રે પ્રસ્તુત કરી છે તે ભાવસ્થાપના છે. દ્રવ્ય ચૈત્ય–મંદિરાદિનું નિમિત્ત પામીને પણ પ્રભુની ખરી સંસ્થાપના તો પરમ પ્રેમથી મનોમંદિરમાં કરવાની છે, ત્યાં જ તેમની શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભાવમૂર્ત્તિ પધરાવવાની છે અને ત્યાં જ તેમની ભાવ-કુસુમ આદિ વડે વિવિધ પ્રકારે અર્ચા કરવાની છે. આ જ ભક્તિનો ઉત્કૃષ્ટ પ્રકાર જાણી ભક્તજન તેવી પ્રવૃત્તિ કરે છે.

> " દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ. "
> " દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણ ગ્રામો જી;
> ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિ:કામો જી. "
>
> —**મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.**

આમ ભગવંતને ચિત્ત–ગર્ભગૃહમાં સુપ્રતિષ્ઠિત કરી ભક્ત તેની આરાધના કરે છે. આરાધનાનો પરમાર્થ વિચારવા યોગ્ય છે, સાચી આરાધના શું તે સમજવા યોગ્ય છે. પરદ્રવ્યના ત્યાગપૂર્વક શુદ્ધ આત્માની સિદ્ધિ વા સાધન તે **આરાધના** છે. સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત, આરાધિત–આરાધના એકાર્થવાચી છે. આ અર્થ શ્રી **સમયસારજી**માં અતિ સુંદરપણે વિવરવામાં આવ્યો છે.

> **" संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं ।**
> **अवगयराधो जो खलु चेया सो होइ अवराधो ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जो पुण णिरवराधो चेया णिस्संकिओ उ सो होइ ।
आराहणए णिच्चं वट्टेइ अहं ति जाणंतो ॥ "**

**—શ્રી કુંદકુંદસ્વામીજીકૃત શ્રી સમયસાર.**

આ ઉપર શ્રીમાન્ **અમૃતચંદ્રાચાર્યજી** આ પ્રમાણે ટીકા કરે છે—

**" परद्रव्यपरिहारेण शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः, अपगतो राधो यस्य भावस्य सोऽपराधस्तेन सह यश्चेतयिता वर्तते स सापराधः, स तु परद्रव्यग्रहणसद्भावेन शुद्धात्मसिद्ध्यभावाद्बंधशंकासंभवे सति स्वयमशुद्धत्वादनाराधिक एव स्यात् । यस्तु निरपराधः स समग्रपरद्रव्यपरिहारेण शुद्धात्मसिद्धिसद्भावाद्बंधशंकाया असंभवे सति उपयोगैकलक्षणः शुद्ध आत्मैक एवाहमिति निश्चिन्वन् नित्यमेव शुद्धात्मसिद्धिलक्षणयाराधनया वर्तमानत्वादाराधक एव स्यात् ।"** **—મહર્ષિ અમૃતચંદ્રાચાર્યજી.**

**અર્થાત્**—પરદ્રવ્યના પરિહારથી શુદ્ધ આત્માની સિદ્ધિ વા સાધન તે **રાધ.** જે ભાવનો રાધ દૂર થયો છે તે અપરાધ, તે સહિત જે ચેતન વર્ત્તે છે તે સાપરાધ; અને તે તો પરદ્રવ્ય ગ્રહણના સદ્ભાવથી શુદ્ધ આત્મસિદ્ધિના અભાવને લીધે, બંધ-શંકાનો સંભવ હોઇ, સ્વયં અશુદ્ધત્વથી **અનારાધક** જ હોય છે. પરંતુ જે નિરપરાધી છે, તે સમગ્ર પરદ્રવ્યના પરિહારથી શુદ્ધ આત્મસિદ્ધિના સદ્ભાવને લીધે બંધ-શંકાનો અસંભવ હોઇ, ' ઉપયોગ એક લક્ષણવાળો શુદ્ધ એક આત્મા જ હું છું ' એમ નિશ્ચય કરતો સતો, નિત્ય જ શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષણવાળી આરાધનાથી વર્તમાનપણાને લીધે, **આરાધક** જ હોય છે.

તાત્પર્ય કે પરદ્રવ્યના ગ્રહણથી શુદ્ધ આત્મસિદ્ધિનો અભાવ તે **અનારાધના,** પરદ્રવ્યના પરિત્યાગથી શુદ્ધ આત્મસિદ્ધિનો સદ્ભાવ તે **આરાધના.** પરદ્રવ્યના ગ્રહણ-ચોરીરૂપ અપરાધ-ગુન્હો જે કરે છે તે **અપરાધી અનારાધક,** અને તેવો ગુન્હો-અપરાધ જે કરતો નથી તે **નિરપરાધી આરાધક.**

" તુરિય ભેદ પડિવત્તિ, પૂજા, ઉપશમ ખીણ સયોગી રે. "

**—શ્રી. આનંદઘનજી.**

અને આવી ઉત્તમ આરાધના જે કરે છે તે દેહધારી વિદેહપણાને-દેહાતીતપણાને પામે છે; તેને પુનઃ દેહ ધારણ કરવો પડતો નથી; તેના જન્મમરણનો અંત આવે છે. પ્રભુને ભજનારો પ્રભુરૂપ થાય છે.

" ત્હારા શુદ્ધ સ્વરૂપને જી, આદરે ધરી બહુમાન;
તેહને તેહ જ નીપજે જી, એ કોઇ અદ્ભુત તાન. "—**શ્રી. દેવચંદ્રજી.**

" જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. "—**શ્રી. આનંદઘનજી.**

એવા પરમપુરુષ પરમાત્મા-જેના સબળ આલંબનથી ભવ્ય જીવ ઉત્તરોત્તર સંયમશ્રેણીને સ્પર્શતો સ્પર્શતો, પરિપૂર્ણ આત્મસિદ્ધિને પામે છે, તે સિદ્ધના ચરણનું અમને શરણ હો ! (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દૃષ્ટિ

લેખક: પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ, મહેસાણા.

જૈનશાસ્ત્રોમાં જ્યાં જ્યાં શ્રદ્ધા ઉપર ભાર મૂકવામાં આવેલ છે ત્યાં ત્યાં શ્રદ્ધા એટલે શુદ્ધ શ્રદ્ધા સમજવાની છે. શુદ્ધ શ્રદ્ધા એટલે સમ્યક્દર્શન. અને તે જેને હોય તે સમ્યગ્દૃષ્ટિ કહેવાય. સમ્યગ્દૃષ્ટિના સંશય, વિપર્યય અને અનધ્યવસાય જે લોકવ્યવહારમાં અજ્ઞાન કહેવાય છે, તે પણ જ્ઞાન કહેવાય છે. તો પછી નિર્ણયાત્મક જ્ઞાન તો જ્ઞાન કહેવાય તેમાં નવાઈ જ શી?

તે જ પ્રમાણે મિથ્યાદૃષ્ટિના નિર્ણયાત્મક જ્ઞાનો જ્યારે અજ્ઞાન કહેવાય છે, તો પછી તેના સંશય, વિપર્યય અને અનધ્યવસાય તો અજ્ઞાન કહેવાય તેમાં તો આશ્ચર્ય જ શું છે?

આ વિષે વિશેષાવશ્યક ભાષ્યના અને વૃત્તિના અવતરણો ખાસ ધ્યાન ખેંચે તેવા છે—

**" मिथ्यादृष्टीनां संबन्धिनस्ते संशय-विपर्ययाऽनध्यवसायाः निर्णयश्चाज्ञानम् । इतरेषां तु सम्यग्दृष्टीनां संबन्धिनस्ते ज्ञानम् । आगमे च संशयादिरूपं निश्चयरुपं वा मिथ्यादृष्टेः सर्वमप्यज्ञानम् । सम्यग्दृष्टेस्तु तदेव सर्वं ज्ञानम् । "**

**વિ૦ આ૦ ભા૦ ૩૧૮ ગાથાની વૃત્તિમાં.**

**" एकं जानन् सर्वं जानाति, सर्वं च जानन् एकमिति। इति सर्वमयं सर्वं सम्यग्दृष्टेर्यद्वस्तु ॥" ननु एवं विध परिज्ञानं तर्हि केवलिन एव भवति।**

**नाऽन्यस्य। तस्य सूक्ष्माऽतीत-व्यवहिता-ऽमूर्तादिसमस्तवस्तुग्रहणासमर्थत्वात् । सत्यम्। साक्षादित्यर्थं केवल्येव जानाति तद्वचन-श्रद्धानद्वारेण पुनर्भावतोऽन्योऽपि सम्यग्दृष्टिः सर्वं एकैकं वस्तु सर्वमयं जानाति ।**

**आगमे हि केवलिनैतत्प्रणीतम्, तद्यथा— " जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ । सम्यग्दृष्टेश्च सर्वस्याऽप्ययमागमः प्रमाणमेव, अन्यथा सम्यग्दृष्टित्वा-योगात् । ततश्च यद्यपि सर्वः सम्यग्दृष्टिरित्थं सर्वं सर्वमयं वस्तु न जानाति, तथापि यथोक्ता-गमश्रद्धानद्वारेण भावतो जानात्येवेति ।**

अतः सर्वदैवाऽयं ज्ञानी भण्यते, जाग्रतः, स्वपतः, तिष्ठतः, चलतश्चाऽस्य परमगुरुप्रणीत-यथोक्तवस्तुस्वरुपाभ्युपगमस्य चेतसि सर्व-दैवाऽविचलनात् ।

**प्रयोजनादिवशादेकपर्यायतया वस्तु गृह्णानोऽप्यसौ भावतः परिपूर्णाऽनन्तपर्यायमेव गृह्णाति । अतः सर्वदैव भावतः प्रतिपन्नयथा-वस्थितवस्तुस्वरुपस्य संशयादिकालेऽपि सम्यग्दृष्टेर्ज्ञानमेव ।**

अतस्तेषां [मिथ्यादृष्टिनां] निश्चयरुपं संशयादिरुपं च सर्वमज्ञानमेव ज्ञाननिबन्धनस्य भुवनगुरुनिर्णीतयथावस्थितवस्त्वभ्युपगमस्य कदाचिदप्यसत्त्वात् । अतः संशयाऽनध्यवसाय-वद्भ्यो विशेषततरमस्याऽज्ञानम् ।

सर्वत्र मोक्षे, तत्साधने संसारे, तत्साधने नारकादि वस्तुनि वा, तस्य मिथ्याभिनिवेशात् सर्वज्ञोक्तविपरीताध्यवसायात्, घटे पट-बुद्धिवत् ।

**વિ૦ આ૦ ભા૦ ૩૨૦ થી ૩૨૪ સુધીની ગાથા અને વૃત્તિમાંના અવતરણો.**

**અર્થ**—મિથ્યાદૃષ્ટિ સંબંધી તે સંશય, વિપર્યય અને અનધ્યવસાય તથા નિર્ણય જ્ઞાન પણ અજ્ઞાન છે. તે સિવાયના સમ્યગ્દૃષ્ટિ સંબં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિના તે સંશયાદિ ચારેય જ્ઞાન છે. આગમમાં પણ સંશયાદિરૂપ અને નિશ્ચયરૂપ મિથ્યાદષ્ટિના સર્વે અજ્ઞાન છે. સમ્યગ્દષ્ટિને તો તે જ સર્વ જ્ઞાન છે.

**વિ. આ. ભા. ૩૧૮ ગાથાની વૃત્તિમાં**

એકને જાણતો સર્વ જાણે છે અને સર્વને જાણતો એકને પણ. એમ સમ્યગ્દષ્ટિ સર્વવસ્તુ સર્વમય જાણે છે.

**પ્રશ્ન**—આવું જ્ઞાન તો કેવળજ્ઞાની ભગવંતને જ હોઈ શકે, બીજાને હોઇ શકે નહીં; કેમકે બીજા સૂક્ષ્મ—લાંબા ભૂતકાળનું દૂર વ્યવહિત, અમૂર્ત વગેરે સઘળી વસ્તુઓ જાણી શકે નહીં.

**ઉત્તર**—તમારી વાત ઠીક છે, કેમકે આ પ્રમાણે સાક્ષાત્ તો કેવળી ભગવંતો જ જાણી શકે છે, પરંતુ તેમના વચન ઉપરની શ્રદ્ધાદ્વારા દરેક સમ્યગ્દષ્ટિ સર્વવસ્તુ સર્વવસ્તુમય ભાવથી-હૃદયથી જાણી શકે છે. આગમોમા કેવળી ભગવંતોએ કહ્યું છે કે " એક ને જાણે તે સર્વને જાણે અને સર્વને જાણે તે એકને જાણે. "

સમ્યગ્દષ્ટિને તો સર્વ આગમ પ્રમાણભૂત જ છે, જો આગમને પ્રમાણભૂત ન માને તો સમ્યગ્દષ્ટિ જ ન ગણાય, એટલે જો કે દરેક સમ્યગ્દષ્ટિ આ પ્રમાણે સર્વ વસ્તુને સર્વમય જાણી શકતા નથી, તો પણ ઉપર જણાવ્યા પ્રમાણેના આગમ ઉપરની શ્રદ્ધા દ્વારા સર્વ વસ્તુઓને સર્વમય ભાવથી જાણે છે. માટે એ જાગતાં, સૂતાં, ચાલતાં, બેસતાં જ્ઞાની જ કહેવાય છે, કેમકે પરમગુરુએ પ્રણીત આગમોક્ત વસ્તુના સ્વરૂપનો સ્વીકાર તેના હૃદયમાં નિશ્ચય હોય છે.

પ્રયોજનાદિ નિમિત્તોને લીધે વસ્તુના એકાદ પર્યાયની મુખ્યતયા વસ્તુને ગ્રહણ કરે તો પણ વાસ્તવિક રીતે તે પરિપૂર્ણ અને નિર્ણયાત્મક વસ્તુને સ્વીકારે છે, માટે હમેશાં ભાવથી યથાવસ્થિત વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરનાર હોવાથી સમ્યગ્દષ્ટિના સંશયાદિક વખતે પણ જ્ઞાન જ હોય છે. અને તે મિથ્યાદષ્ટિવાળાઓને નિશ્ચયરૂપ કે સંશયાદિરૂપ સર્વ અજ્ઞાન જ ગણાય છે; કેમકે જ્ઞાનના કારણભૂત ત્રિભુવન-ગુરુએ નિર્ણિત કરેલ યથાવસ્થિત વસ્તુનો સ્વીકાર તેને કદી નથી હોતો: માટે સંશય, અનધ્યવસાય વગેરે વાળા કરતાં મિથ્યાદષ્ટિને વિશેષતર અજ્ઞાન હોય છે.

સર્વ ઠેકાણે એટલે કે મોક્ષમાં, તેના સાધનોમાં, સંસારમાં કે તેના સાધનોમાં અથવા નારકાદિ પદાર્થોમાં તેનો મિથ્યા અભિનિવેશ હોય છે; કેમકે સર્વજ્ઞ ભગવંતના કહ્યા કરતા વિપરીત વિચારણા તેની હોય છે. જેમ ઘડામાં કપડાનું ભાન થાય છે તેમ.

આ શાસ્ત્રવાક્યો પ્રમાણે જોતાં સમ્યગ્દષ્ટિના તમામ પ્રકારની જ્ઞાનમાત્રાઓ જ્ઞાન તરીકે જ જૈન શાસ્ત્રકારોને સમ્મત છે, માટે આત્માર્થી જીવોએ સમ્યગ્દષ્ટિ બનવા પ્રયાસ કરવો એ જ જીવનનું મુખ્ય ધ્યેય હોવું જોઇએ. સમ્યગ્દર્શન વિના ગમે તેવા જ્ઞાનની સાર્થકતા થતી નથી એમ ઉપરના જૈનશાસ્ત્રના વાક્યો આપણને બોધ આપે છે.

વિવિધ શાસ્ત્ર, કળા અને વિજ્ઞાનોના અભ્યાસરૂપ અધિગમ જ્ઞાનો પણ એવા અને એવી રીતે કરવા જોઇએ કે જેથી સમ્યગ્દષ્ટિપણું પ્રાપ્ત થાય. તત્સાધક અભ્યાસ આદરણીય અને તત્બાધક અભ્યાસ અનાદરણીય એવો જૈનશાસ્ત્રકારોનો સ્પષ્ટ આદેશ હિતેચ્છુઓએ ધ્યાનમાં લેવા જેવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની અદ્‌ભુત શક્તિ–વિધિના ઉલટા રાહ

[ ૭ ]

લેખક: શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

**પાછા ફરવાનો સમય થઈ** ગયા છતાં, મૃગાવતી પોતાની સખી સાથે જે સ્થાને રાજકુમાર મહેન્દ્રનો રથ ઊભો છે ત્યાં નજીકમાં એકાદ બેઠકનો આશ્રય લઇ, કુમારના આગમનની માર્ગપ્રતીક્ષા કરી રહેલ છે. એના નયનો વારંવાર મંદારગિરિના પગથિયાં પરથી ઊતરી આવતી જનસંખ્યા પર પડી રહ્યાં છે. હૃદયમાં આનંદ અને શોક ઉભય સામ સામે ખડા થયા છે, આચાર્યશ્રીની દેશના સમાપ્ત થતાં જ રાજકુમાર મહેન્દ્ર અને પેલા આઠ તરુણો ગુરુ-મહારાજની સમીપમાં ઊભા રહેલાં. કેટલાક માનવીઓ વંદન કરી રહ્યાં છે. બીજી તરફ કેટલીક સ્ત્રીઓ કુંવરી મૃગાવતીની આસપાસ ફરી વળી તેણીને આજની દેશના સંબંધી જાતજાતના પ્રશ્નો કરવા લાગી હતી. મંડપ ધીરે ધીરે ખાલી થતો હતો. જો કે રાજકુંવરીના ચહેરા ઉપર આજે પૂર્ણપણે હર્ષની લાલીમા પથરાઇ હતી છતાં તેણીનું મન આ નારી-વૃંદના પ્રશ્નોમાંથી છૂટવાનું અને મહેન્દ્રકુમારને મળી મહાલયમાં પાછા ફરવા આતુર બન્યું હતું. વિલંબ થવાનું કારણ એની સખી જે બાજુ મહેન્દ્ર ઊભો હતો ત્યાંથી પાછી ફરી નહોતી એ હતું. જ્યાં એને આવતી જોઇ કે મૃગાવતી ઊભી થઇ ગઇ. તરત જ ઉભયે મંદારગિરિના પગથિયાં જલ્દી ઊતરવા માંડ્યા; અને જોતજોતામાં જનસમૂહ કરતાં આગળ વધી ગયા.

સખીએ કુંવરીની નજીક આવી કહ્યું કે:

'બા, સૂડી વચ્ચે સોપારી જેવું થવાનું. ભાવિ ભયંકર છે! તમારી આશાલતા નવપલ્લવિત થાય તે પૂર્વે એના મૂળમાં ઘા પડવાની પળ ખડી થઇ છે!'

'ઝટપટ કહી નાંખને એવું તે શું છે? તેં કુંવરને શું કહ્યું અને તેમણે કેવો ઉત્તર આપ્યો?'

'કુંવરીબા, આમ અધીરા ન થાઓ. કહેવાની કે જવાબ મેળવવાની તક સાંપડી જ નહિ! ગુરુ સમીપની એ મંડળીમાં જે વાર્તાલાપ ચાલી રહ્યો હતો તે સાંભળતાં જ હું તો ડરી ગઇ!

મહેન્દ્રકુમારે કહ્યું કે: 'મહારાજ સાહેબ, આપના ઉપદેશે વાતાવરણમાં અજબ અસર કરી છે. શ્રોતા-વૃંદના મોટા ભાગનું વલણ હિંસાવિરોધી બની ગયું છે. અહિંસા પ્રત્યેનો પક્ષપાત જરૂર વધી ગયો છે, છતાં આ આઠ સૈનિકોની પ્રતિજ્ઞાથી કાળીમાતાનો બલિ અટકી જશે એમ હું માનતો નથી.

પુરોહિત માણિકદેવ ઘણો ખટપટી આદમી છે. એની મોરલીએ નાચતો રાજવી પોતાના મંતવ્યમાંથી કેવળ સમજાવટથી પાછો હઠે એ બનવું સંભવિત નથી. જો કાર્ય સાચે જ પાર પાડવું હોય તો મારી પ્રાર્થના આપ ધ્યાનમાં લ્યો. હું સત્વર સૈન્ય સજ્જ કરી મલ્લિપુરના સીમાડામાં આવી પહોંચું ત્યાર પછી જ આપ તરફથી કારવાઇનો આરંભ થાય. તૈયારીમાં કંઇ ઘણા દિવસો થવાના નથી. સમરાંગણની દુંદુભિ બજ્યા સિવાય પદ્મનાભ રાજાની ઘેનનિદ્રા ઊડવાની નથી, હિંસાનો આ મહાયજ્ઞ અટકવાનો પણ નથી.'

આમ આપણા મહારાજા ઉપર યુદ્ધનું વાદળ છવાય છે. હું તો એ સાંભળી તુરત પાછી ફરી. પિતાના શત્રુ સાથે પ્રેમનો મેળ કેમ બાજે? કુંવરીબા, આપણે જલ્દીથી મહેલમાં પહોંચવું જોઇએ અને આ વાતની મહારાજાને ખબર આપવી જોઇએ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સખીની વાત સાંભળી રાજકુંવરી ઘડી ભર તો પાષાણપુતળીવત્ સ્થિર થઇ ગઇ !

થોડી ક્ષણો વીત્યા બાદ જાણે કોઇ ઉપાય સૂઝી આવ્યો હોય એમ કુંવરી એકાએક બોલવા લાગી—

'સખી, મહેલમાં દોડી જવાની જરૂર નથી. એમ કરવાથી પિતાશ્રી પર આવનાર સંકટ ટળવાનું નથી. મેં જેમને હૃદય સમર્પણ કરવાનો નિશ્ચય કર્યો છે તે મહેન્દ્રકુમારને મળીને આ કાર્યમાંથી હાથ ઉઠાવી લેવાને હું વિનવીશ. જો કે તારી વાત સાચી હોય તો 'વ્યાઘ્રતટી' જેવી વિષમ દશા મારી સામે ખડી થઇ છે. એક તરફ મારા પ્રેમનું પાત્ર કુંવર છે, બીજી બાજુ જન્મ દેનાર પિતા છે. એ જેમ કાળી માતાના ચુસ્ત ઉપાસક છે તેમ કુંવર આચાર્યશ્રીના પૂર્ણ ભક્ત છે. વાતાવરણમાં જે ગરમી આવી છે એ જોતાં આ વેળા નવરાત્રિના દિવસો શાંતિથી પસાર થાય તેવો યોગ જણાતો નથી. આ વેળા ચંડિકા દેવી કેવળ પશુઓના બળિથી સંતુષ્ટ થાય તેમ દેખાતું નથી; એની ક્ષુધા કેટલાયે નરબળિદાન ચઢાવતાં પૂરાશે એ કલ્પવું મુશ્કેલ છે. ભક્તિ અને પ્રીતિ વચ્ચે ચાલતી 'Tug of War' માં વિજયશ્રી કોને વરશે ? એ પ્રશ્ન મને તો મૂંઝવી રહ્યો છે ! ગુરુની વાણી સો ટચના સુવર્ણ સમી ગળે ઊતરી જાય તેવી છે, પણ પેલા રૂદ્રમૂર્ત્તિ પુરોહિતની આંખે જોનાર પિતાશ્રીને એ બધું સમજાવે કોણ ? એટલે મને ભાવિ ભીષણ ને ભયંકર ભાસે છે.

ખેર, વિધિના રાહ વિચારવા કરતાં જે શક્ય છે અને સુલભતાથી આચરી શકાય છે એવો પ્રાર્થનાનો ઉપાય અજમાવા દે. એકવાર રાજકુમારને અંતરની વાત જણાવવા દે. ડૂબતો આદમી જેમ તરણું પકડી બહાર નીકળવા પ્રયત્ન કરે તેના જેવો એ પ્રયાસ છે; છતાં 'કાગનું બેસવું ને તાડનું પડવું' એ ઉક્તિ અનુસાર એમાં ફતેહમંદ થઇ પણ જવાય.'

ઉપર વર્ણવેલી પરિસ્થિતિના ઉકેલ અર્થે મથાળે જણાવ્યું તેમ રાજકુંવરી મૃગાવતી પોતાની સખી સહ કુંવરના રથ આગળ આતુર નયને આગમનની વાટ જોતાં બેઠાં છે. પળો વીતતી જાય છે તેમ કુંવરીના હૃદયમાં ચિંતા જોર કરી રહી છે. રોજ કરતાં સમય વધુ થયો છે. પિતાજી ગુસ્સે થશે એ બીક, અને એમાં વળી આજ્ઞાભંગનો ગુન્હો ઉમેરાયો છે ! છતાં કુંવરને મળ્યા વિના જવાનું મન માનતું નથી ! તેથી જ ગિરિની પંક્તિઓ નેત્રોનું કેન્દ્રસ્થાન બની છે.

આખરે એ મોહક ચહેરાના દર્શન થયા. મૃગાવતીનો ચહેરો પ્રફુલ્લિત થયો. માથા પરનુ વસ્ત્ર જરા નીચું ખેંચી તેણી મનમાં વિચારવા લાગી કે કુંવરની સાથે વાત કરવાનો આ પ્રથમ પ્રસંગ છે તો એના શ્રી ગણેશાય નમઃ કેવી રીતે કરવા. મનઃ–પ્રદેશ પર થઇ રહેલી બાંધછોડનું પરિણામ કલ્પવું મુશ્કેલ છે છતાં કુમારનું આગમન થયું ત્યારે કુંવરીને એટલો ક્ષોભ થઇ આવ્યો કે તેણી એક શબ્દ પણ ન બોલી શકી. આસનપરથી ઊઠી રથ પાસે આવી ઊભવા છતાં મૌન ન તોડી શકી. મહેન્દ્રકુંવર પણ જેના તરફ એક કરતાં વધુ વાર નેત્રો ફેંકતો એ તરુણીને પાસે ઊભેલી જોતાં છતાં કંઇ જ પૂછી ન શક્યો. આમ પ્રેમીઓની મુલાકાતમાં જે મૂક અભિનય અન્યત્ર ભજવાતો જોવાય છે તેમ અહીં પણ ભજવાયો.

ઘડીયો વીતતી હતી અને વિલંબ કુંવરીને શિરે વધુ જોખમ ભરતો હતો, એટલે ન છૂટકે હિંમત એકઠી કરી એ મહેન્દ્રકુમારને પ્રાર્થના કરતી નમ્ર ભાવે બોલી: 'મને દુઃખ થાય એવું આપ નહીં કરો એવું મને વચન આપો.'

'રાજકુમારી, તમોને દુઃખ થાય એવું હું શું કરી રહ્યો છું એ જાણ્યા વગર મારે વચન આપવા-પણું કેવું ?'

'આચાર્યશ્રીની પ્રતિજ્ઞા છે કે માતાને આ વેળા બળિ ન ચઢવો જોઇએ. એ પૂર્ણ થાય એ સારુ આપે તેઓ સમક્ષ સ્વસૈન્ય સહિત હાજર રહેવાની વાત મૂકી એ શું સાચું નથી ?'

'રાજપુત્રી, એ વાત સાચી છે. હું જેમને મારા પૂજ્ય માનતો હોઉં તેમના શિરે સંકટ આવે ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ભક્ત તરીકે તેમનું રક્ષણ કરવાનો મારો ધર્મ છે–એક ક્ષત્રિય તરીકેની ફરજ પણ છે.'

'રાજકુંવર, એટલે જ પશુબળિ અટકાવવા સારુ નરબળિના મહાયજ્ઞનો આરંભ કરવો! જ્યાં સામસામા સૈનિકો ખડા થાય ત્યાં માનવના માથા ધૂળમાં રગદોળાય! લોહીની નદી વહી રહે! મારા વૃદ્ધ પિતાના શિરે એ જાતનું સંકટ આવવાની વાત સાંભળી હું ધ્રૂજું છું.'

'તો પછી, માતાના ભોગને નામે મૂંગા પશુઓની જે ઘોર હિંસા થઈ રહી છે તેને ચાલવા દેવી એમ તમારું કહેવું છે?'

'નહીં, નહીં. હિંસા અટકાવવાના યત્નો જરૂર આદરવા. આપ એમાં સામેલ રહો પણ મારી વિનતિ છે કે એ વેળા મારા વૃદ્ધ પિતાના પર કોઇ પણ પ્રકારનું સંકટ આણવામાં આપ નિમિત્ત ન બનો. મારી ખાતર એ વચન આપો. સૈન્યને લાવી યુદ્ધનું રણશિંગડું ન બજાવો.'

'કુંવરી, તમારું કહેવું હું સમજ્યો છું. પિતૃભક્તિ તરીકે જરૂર એ શોભે છે. મારે સ્પષ્ટ કરવું જોઇએ કે તમારી પાસે વાત અધૂરી આવી છે. જો કે મેં ગુરુદેવ સમક્ષ સૈન્ય લઇ આવવાનો પ્રસ્તાવ મૂકેલો પણ એ વેળા એ મહાત્માએ જે શબ્દો ઉચ્ચાર્યા તે નિમ્ન પ્રકારના છે. હજુ પણ મારા કર્ણમાં એનો ગુંજારવ થઈ રહ્યો છે. એ આજે જેટલા સાચા છે એટલા જ સાચા ભવિષ્યમાં પણ રહેવાના છે. ત્રિકાળાબાધિત સત્યથી ભરેલાં છે.'

"હિંસાના સાધનોથી હિંસા નષ્ટ નથી થઇ શકતી, પાપ નથી ધોવાતું. રક્ત ધોવા સારુ જેમ જળ જેવા જુદા પદાર્થની જરૂર પડે છે તેમ હિંસા અટકાવવા સારુ અહિંસાની અગત્ય રહે છે. બળિદાન અટકાવવા સારુ સૈનિકોના શસ્ત્રો ચમકાવવા એ હિંસાનો માર્ગ ગણાય. મારે એ માર્ગ ન ખપે. અહીં તો પ્રેમના માર્ગે કામ લેવાનું. સમજાવટ એ પ્રથમ પગલું, આવી પડતાં સંકટ સામે સમભાવપૂર્વક સહનશીલતા દાખવવી એ બીજું પગલું; સામાનું હૃદય પીગળાવવું, એના અંતરમાં અજ્ઞાનતાએ ભરેલ ભ્રમ ભાંગવો અને સાચા જ્ઞાનરવિનો પ્રકાશ વિસ્તારવો એ જ ધ્યેય. બીજા પગલાંથી કદાચ એ સિદ્ધ ન થાય તો મૂંગા પશુના બળિદાન વેળા પ્રથમ પોતાની જાતને હોમી દેવી અને દેહની આહૂતિ આપીને પણ અહિંસાનો સંદેશ કેવળ પ્રેમભાવે મૂકતા જવો એ ત્રીજું પગલું. શુદ્ધ ભાવે અંતરમાં કોઇ પણ જાતના કાલુષ્ય વગર–કોઇના પણ પ્રત્યે પાપાચરણ કરી રહેલ આત્માઓ પ્રત્યે જરા માત્ર વૈર રાખ્યા વગર જો સ્વજીવન હોમી દેવામાં આવે છે તો એની અસર જરૂર થાય છે. આ નિતરું સત્ય છે. અધર્મના પંથે વળેલા માનવહૃદયને ફેરવવાનો અજાયબી ભર્યો કીમિયો છે. સંખ્યાબંધ સંતોએ અજમાવ્યાના ઉદાહરણ પણ નોંધાયેલા છે."

'રાજકુંવરી, ગુરુજીને મારી વાત જ્યાં મંજૂર નથી ત્યાં તારા પિતાના માથે સંકટ નથી જ આવવાનું. મારા વચનની પણ જરૂર નથી છતાં જો તને સંતોષ થતો હોય તો એ આપવા હું તો તૈયાર જ છું.'

'રાજકુમાર, ઘણા દિવસોની આશા આજે આપના પ્રત્યક્ષ મેળાપથી ફળી. તે વેળાની ઊડતી નજરે આપે મારું મન હરેલું પણ આજે તો હૃદય પણ હરી લીધું છે. એના સ્મરણચિહ્ન તરીકે આ મુદ્રિકા સ્વીકારો.'

મહેન્દ્રકુમારે મૃગાવતીના નામથી અંકિત થયેલી મુદ્રિકા સ્મિતવદને સ્વીકારી, બદલામાં પોતાની વીંટી આપી અને અવારનવાર મળવાની ખાતરી આપી પોતાના રથમાં બેઠક લીધી.

રથ દ્રુતગતિએ ચંપાની દિશામાં દોડવા લાગ્યો. જ્યાં સુધી એ દેખાયો ત્યાં સુધી મૃગાવતી એ જોઇ રહી. પછી સખીની પાસે આવી, ઉભય પુલકિત હૃદયે રથમાં બેઠા અને એ રથ પણ મલ્લિપુરના રાજમહાલયની દિશામાં વહી રહ્યો. આજે કુંવરીના હર્ષને મર્યાદા નહોતી. ચિરકાળ સેવિત આશા આજે ફળી હતી, એટલું જ નહિ પણ સુંદર ભવિષ્યની આગાહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अगुरुलघुपर्याय.

લેખક : રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી. બી. એ. એલએલ. બી.

અગુરુલઘુ પર્યાયની વિચારણામાં ત્રણ સવાલો જોવાના ઉપસ્થિત થાય છે—

( ૧ ) અગુરુલઘુ પર્યાયનો અર્થ શું ?

( ૨ ) અગુરુલઘુ પર્યાય છએ દ્રવ્યોમાં સામાન્ય છે એટલે શું ?

( ૩ ) આનંદઘનજી મહારાજ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ત્રેવીશમાં સ્તવનમાં લખે છે કે—

**अगुरुलघु निज गुणने देखतां,**
**द्रव्य सकल देखंत;**
**साधारण गुणनी साधर्म्यता,**
**दर्पण जळ दृष्टांत.**

એટલે શું ?

( ૧ ) અગુરુલઘુ પર્યાયનો સામાન્ય અર્થ એવો થઇ શકે છે કે પદાર્થ ગુરુ અર્થાત્ ભારે અને લઘુ અર્થાત્ હલકો નહિ. એટલે જે ભારે કે હલકો ન હોય તેને અગુરુલઘુ કહેવાય. વ્યવહારમાં ગુરુત્વ અને લઘુત્વ સાપેક્ષિત વચનો છે. એક જ દ્રવ્ય બીજા દ્રવ્યની અપેક્ષાએ ગુરુ કહેવાય, તે જ દ્રવ્ય ત્રીજા દ્રવ્યની અપેક્ષાએ લઘુ કહેવાય. પથ્થરનો કટકો ઇંટના કટકાની અપેક્ષાએ ગુરુ છે, લોઢાના કટકાની અપેક્ષાએ લઘુ છે. રૂનું પૂંભડુ પવનની અપેક્ષાએ ભારે છે, ધૂળની અપેક્ષાએ હલકું છે. અહીં અગુરુલઘુત્વનો વિચાર ચાલે છે, એટલે તેમાં તો વસ્તુસ્વરૂપની–નિશ્ચયદૃષ્ટિની સંભાવનાને જ અવકાશ રહે છે. ગુરુત્વાકર્ષણનો નિયમ એવો છે કે ભારે પદાર્થ હલકા પદાર્થને પોતા તરફ ખેંચે છે. આપણે અહીં અગુરુલઘુ પર્યાયનો વિચાર કરવાનો છે, એટલે તે પર્યાય તો એવો હોવો જોઇએ કે જેના ઉપર ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ ન પડી શકે, અર્થાત્ દ્રવ્યની કોઈ પણ સ્થિતિ અગુરુલઘુ પર્યાયવાળી ક્યારે કહી શકાય કે જ્યારે તે સામ્યાવસ્થા state of equilibrium માં હોય. અગુરુલઘુ શબ્દનો સામાન્ય અને તાત્ત્વિક અર્થ બતાવ્યા પછી જૈનદર્શનમાં અગુરુલઘુ પર્યાયવાળા દ્રવ્યો કેવી રીતે બતાવ્યા છે તેની બીજી વિચારણા કરવાની રહે છે.

---

આપતી હતી. દર્શન માત્રથી આકર્ષાયેલા પ્રેમી હૃદયો આજના વાર્તાલાપથી વધુ નજીક આવ્યા અને અરસપરસને પિછાનતા થયા. પ્રેમના વિકટ પંથમાં પગ માંડનાર માટે એ પળો ઓછી કિંમતી ન લેખાય. ‘પ્રેમની રીત પ્રેમી જ પારખી શકે.’ વિશેષ આનંદ તો કુંવરીના અંતરમાં એ હતો કે થોડા સમયમાં હિંસા–અહિંસા વચ્ચે જે સંગ્રામ ખેલાવાનો છે એમાં પિતાના શિરે આવનાર સંકટ નિવારવામાં પોતે નિમિત્તભૂત થઇ. મંદારગિરિ પરના મંડપમાં જે આઠ તરુણોએ પ્રતિજ્ઞા લીધી એ જાહેર વાત હતી. પદ્મનાભને એ સમાચાર પહોંચી ચૂક્યા જ હશે. એમાં પોતે શસ્ત્રનો સંગ્રામ નહીં થાય એવી ખાતરી દર્શાવી, પિતાનું મન પ્રફુલ્લિત કરશે અને પોતાના એ સમાચારથી પિતા રાજી થશે. આ મનોભાવ સેવતી બાળા જ્યાં રથમાંથી ઊતરી રાજમહાલયના દરવાજામાં પગ મૂકે છે. ત્યાં તો કઠોરમૂર્તિ પિતાની ઉત્તેજિત વાણી સંભળાણી.

‘ દુષ્ટ પુત્રી, શા સારુ તું પાછી ફરી ? પહાડ પરના એ નગ્ન સાધુ પાસે જ બેસી રહેવું હતું ને ! મેં ના પાડ્યા છતાં તું મંડપમાં ગઇ હતી ને ? મારી આજ્ઞાભંગ કરવાની શી શિક્ષા છે તે તું જાણે છે કે ? જા, આજથી મારી આજ્ઞા વિના આ મહેલની બહાર પગ મૂકતી નહીં. ’

લાલચોળ નેત્રવાળી પિતાની ભ્રૂકુટી જોઇ, સમીપમાં ઊભેલા ભયંકર ચહેરાવાળા પુરોહિતને નિરખી મૃગાવતી એટલી હદે ગભરાઇ ગઇ કે મનની મનમાં રહી અને સીધી અંતઃપુરમાં ચાલી ગઇ !

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨ ) જૈનદર્શનમાં પુદ્ગલ, જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ છ દ્રવ્યો બતાવ્યા છે. તેમાં પુદ્ગલ રૂપી દ્રવ્ય છે, બાકીના પાંચ અરૂપી દ્રવ્યો છે. શાસ્ત્રમાં છએ દ્રવ્યોમાં અગુરુલઘુ પર્યાય સરખો-સાધારણ બતાવેલ છે ( આગમસાર પા. ૯ ). તેનો અર્થ એવો થઇ શકે કે છએ દ્રવ્યો નિશ્ચય સ્વરૂપમાં અગુરુલઘુ પર્યાયવાળા છે કારણ આગમસારના પા. ૧૬ માં દ્રવ્યની નિત્ય અનિત્ય ગુણપર્યાયની વિચારણામાં અગુરુલઘુપર્યાયને છએ દ્રવ્યોમાં અનિત્ય કહ્યો છે. આ અનિત્યપણું વ્યવહાર-પર્યાયનયની અપેક્ષાએ માનવાનું રહે છે. જીવ વગેરે પાંચ દ્રવ્યો શુદ્ધ સ્વરૂપમાં અગુરુલઘુ જ સંભવી શકે છે, કારણ શુદ્ધ સ્વરૂપમાં સદરહુ પાંચે દ્રવ્યો અરૂપી-અમૂર્ત્ત છે. અમૂર્ત્ત-અરૂપી દ્રવ્યમાં ગુરુપણું કે હળવાપણું સંભવી શકતું નથી. પુદ્ગલ પણ શુદ્ધસ્વરૂપે પરમાણુ છે અને પરમાણુ અગુરુલઘુ છે. એટલે છએ દ્રવ્યો અગુરુલઘુ પર્યાયવાળા છે એવું આગમસારનું કહેવું દ્રવ્યોના શુદ્ધસ્વરૂપમાં વાસ્તવિક છે.

શ્રી વિશેષાવશ્યક સૂત્રના મૂળમાં અને વૃત્તિમાં અવધિજ્ઞાનની વિચારણામાં અગુરુલઘુત્વની ચર્ચા સવિસ્તર કરેલ છે. ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ વર્ગણાવાળા તથા તેના જેવા જણાતા બીજા સ્થૂલ દ્રવ્યો ગુરુલઘુ છે, અને કાર્મણ, મન, ભાષા અને શ્વાસોશ્વાસ તથા બીજા પરમાણુ અને આકાશ વગેરે અગુરુલઘુ દ્રવ્યો છે. આ વર્ગણાઓ ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. તેમાં સૂક્ષ્મતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં કાર્મણ વર્ગણાથી એટલી સૂક્ષ્મતા વધે છે કે તે વર્ગણાના દ્રવ્યો અગુરુલઘુ બને છે. પુદ્ગલ દ્રવ્યને અંગે આ પ્રમાણે સ્પષ્ટતા થયેલ છે. બાકીના જીવ વગેરે દ્રવ્યો તો અગુરુલઘુ પર્યાયવાળા છે.

( ૩ ) આનંદઘનજી મહારાજ શ્રી પાર્શ્વનાથજી ભગવાનના સ્તવનમાં કહે છે કે અગુરુલઘુ ગુણ સર્વ દ્રવ્યોમાં સાધારણ છે, માટે આત્મા પોતાના અગુરુલઘુગુણની શક્તિથી સકળ દ્રવ્યને જોઈ શકે છે અર્થાત્ સકળ વસ્તુના જ્ઞાન માટે આત્માને સર્વ દ્રવ્યમાં સમાનપણે રહેલ અગુરુલઘુત્વ એક સાધન ( medium ) બને છે. જેમ ગતિને ઉપકારક ધર્માસ્તિકાય, સ્થિતિને ઉપકારક અધર્માસ્તિકાય, વર્તણાને ઉપકારક કાળ, અવગાહનાને ઉપકારક આકાશ દ્રવ્યો જૈનદર્શનમાં સ્વતંત્ર બતાવ્યા છે તેવું સકળ વસ્તુના જ્ઞાનને ઉપકારક કોઇ સ્વતંત્ર દ્રવ્ય જૈનદર્શનમાં બતાવેલ નથી; છતાં આત્મા સર્વવસ્તુનો જાણનાર-સર્વજ્ઞ તેની શુદ્ધ અવસ્થામાં થઇ શકે છે, તો પછી શાને આધારે ? આ સવાલના જવાબમાં આનંદઘનજી મહારાજ સર્વ દ્રવ્યોમાં રહેલ અગુરુલઘુત્વની સમાનતાને કારણ-સાધન ( medium ) તરીકે બતાવે છે. આ ઉપરથી એવી કલ્પના કરવાની રહે છે કે અગુરુલઘુત્વ એવો એક સામાન્ય સર્વ દ્રવ્યોનો પર્યાયગુણ છે કે જેમાં સર્વ વસ્તુઓનું પ્રતિબિંબ પડી શકે અને આત્મા તે પ્રતિબિંબથી સકલ વસ્તુઓને જાણી-જોઈ શકે, એટલે અગુરુલઘુત્વ ગુણ સ્વચ્છ કાચ અથવા સ્વચ્છ જળ જેવો પ્રકાશક સ્વભાવવાળો હોવો જોઇએ. તે પ્રમાણે સ્તવનમાં પણ દર્પણ અને જળનું દૃષ્ટાંત આપેલ છે. જડ વસ્તુમાં એક એવો ગુણ છે કે તે વસ્તુને જેમ જેમ સૂક્ષ્મ બનાવવામાં આવે છે તેમ તેમ તેમાં પ્રકાશતા આવે છે. રેતીમાંથી જે આરપારદર્શી કાચ બનાવવામાં આવે છે, તેમાં આવો જ પ્રયોગ કરવામાં આવે છે. રેતીને ભઠ્ઠીમાં નાંખી ઘણી જ ગરમી આપવામાં આવે છે અને તેના બનેલ રસમાંથી મલીન તત્ત્વ દૂર કરી સ્વચ્છ કાચ ઢાળવામાં આવે છે, તે પ્રમાણે ઔદારિક આદિ સ્થૂલ વર્ગણાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂક્ષ્મતર કરતા કરતા કાર્મણ આદિ વર્ગણા સૂક્ષ્મતમ બનતા પ્રકાશક થાય તે બનવા જેવું છે. એટલે અગુરુલઘુ પર્યાયમાં સૂક્ષ્મતાના અંશ સાથે પ્રકાશકતાના અંશની પણ કલ્પના ઊભી થાય છે. આ કલ્પનાને કાંઇ આધાર છે એવો સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય છે. સાંખ્ય દર્શનમાં સત્વ, રજસ્, અને તમસ્ ત્રણ ગુણો માનવામાં આવે છે. ત્રણ ગુણોની સામ્યાવસ્થા ( state of equilibrium ) ને પ્રકૃતિ કહેવામાં આવે છે, સત્ત્વ ગુણને લઘુ અને પ્રકાશક કહેવામાં આવે છે. દરેક પદાર્થમાં ત્રણે ગુણો પ્રધાન ગૌણપણે રહેલા છે. પદાર્થમાં રહેલ સત્ત્વગુણની પ્રધાનતાને લઇને, પદાર્થો જ્ઞાનમાં પ્રકાશે છે, ઇંદ્રિયો, મન અને બુદ્ધિમાં ચેતનતાનો આવિર્ભાવ થાય છે, તેજમાં પ્રકાશતા આવે છે, દર્પણ અને જળમાં પ્રતિબિંબાત્મક શકિત આવે છે. ટૂંકામાં સત્ત્વગુણ પ્રકાશક ગુણ છે અને દરેક પદાર્થ ત્રિગુણાત્મક હોવાથી દરેકમાં તે રહેલ છે. જૈનદર્શન ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલને સ્વતંત્ર દ્રવ્યો માને છે. સાંખ્યદર્શનની જેમ ત્રિગુણાત્મક પ્રકૃતિમાંથી પાંચે દ્રવ્યોની ઉત્પત્તિ જૈનદર્શન માનતું નથી, છતાં બંને દર્શનોમાં કેટલેક અંશે સમાનતા જોવામાં આવે છે. બીજું દ્રવ્યના જે ગુણ કે પર્યાયમાં પ્રકાશકપણું હોય તે જ પર્યાયમાં જ્ઞેયનું પ્રતિબિંબ પડી શકે, એટલે અગુરુલઘુ પર્યાય પ્રકાશક હોવાનું કલ્પી શકાય છે. સત્ત્વગુણ પણ પ્રકાશક છે અને સર્વદ્રવ્યોમાં સાધારણ છે, એટલે સાંખ્યદર્શનના સત્ત્વગુણ અને જૈનદર્શનના અગુરુલઘુ ગુણને કાંઈ સામ્યતા હોવાની કલ્પના ખડી થાય છે. ત્રીજું આનંદઘનજી મહારાજ દર્પણ અને જળમાં પડતાં જ્ઞેયના પ્રતિબિંબનું દૃષ્ટાંત સર્વજ્ઞના જ્ઞાન માટે આપે છે. સત્ત્વગુણની પ્રરુપણામાં સાંખ્યદર્શન દર્પણ અને જળનું દૃષ્ટાંત આપે છે. લઘુ અને ગુરુ શબ્દો પણ ત્રણ ગુણોના વિવેચનમાં વપરાયેલ છે. સત્વ, રજસ્ અને તમસ્ ગુણની સામ્યાવસ્થા અગુરુલઘુ માનવાની છે, કારણ તે સ્થિતિ એક state of equilibrium છે.

ઉપરના વિવેચનને પરિણામે જણાશે કે અગુરુલઘુ પર્યાય દરેક દ્રવ્યમાં વ્યાપી રહેલ અતિ સૂક્ષ્મતાવાળો અને પ્રકાશક ગુણ છે. વસ્તુમાં થતા જુદા જુદા પર્યાયોને ગ્રહણ કરે છે અને જ્ઞાની પુરુષ તે સર્વવ્યાપી ગુણમાં પ્રતિબિંબિત થતા સકળ દ્રવ્યને દેખી શકે છે. પદાર્થમાં રહેલ અગુરુલઘુ ગુણને સાંખ્યના સત્ત્વગુણ સાથે કાંઇ સામ્યતા હોવાનું કલ્પી શકાય છે.

# ભાવ

ઉત્પન્ન થાયે મન મહીં, વચને થાય વિકાસ;
કાયાથી કર્તવ્યમાં, ભાવતણો પ્રકાશ.
આદર્શ જેવો ભાવમાં, તેવો થાય આકાર;
કંચળ ભૃંગીરૂપમાં, ' અમર ' એહ પ્રકાર.

—અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "વૈરાગ્ય ભાવનાનાં વહેતાં ઝરણાં"

( ગતાંક પૃષ્ઠ ૧૧૯ થી શરુ )

લેખક, મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ, મુઃ વરસોડા.

૨૧. રમા અને રામામાં જ જેની મતિ મુઝાતી હોય અને ધર્મ કરવો એ તો નવરા ઓનો ધંધો છે એવું જે માને તેનામાં શું સમ્યગ્દર્શન હોય ?

૨૨. હે જીવ ! તું યાદ રાખજે કે રમા અને રામા તો માત્ર આ ભવના છે. અને ધર્મ તો ભવોભવમાં હિતકારી છે, માટે એને તું કયારે ય હૃદયથી અળગો કરતો નહિ.

૨૩. આ ભવમાં ખાધું, પીધું અને મોજ-મજા મારી તે આપણા બાપનું. ધર્મ કરવાથી કોનું કલ્યાણ થયું છે ? આવું માને તેનામાં શું સમ્યગ્દર્શન હોય ?

૨૪. જેઓ સંસારમાં જ લહેર માનતા હોય તેઓમાં સમ્યગ્દર્શન હોઇ શકતું નથી, એટલું જ નહિ પણ તેઓને ભવાભિનંદી કહી શકાય.

૨૫. જેમ આંખમાં તણખલું ખૂંચે તેમ જેના હૈયામાં સાધુઓ ખૂંચતા હોય તેનામાં શું સમ્યગ્દર્શન છે ?

૨૬. છતી શક્તિએ પ્રમાદ-પિશાચને વશ થઇ પરોપકાર કરવાના કાર્યથી દૂર રહેનારા ભાવાચાર્યો પોતાની ફરજથી શું દૂર નથી ?

૨૭. જે શાસનના પ્રતાપે માનપાન મળે, લાખોપતિ અને કોટ્યાધિશો આવીને પગમાં પડે અને પાણી માગતાં દૂધ મળે, તે શાસનનો દ્રોહ કરનારાઓ શું ભાવાચાર્ય કહેવાય ?

૨૮. જેઓ મમતાથી બંગલામાં રંગે રમતા હોય, મોટરોમાં મોજ મારતાં હોય, અહર્નિશ કામિનીના સહવાસમાં વસતા હોય, ખેતીવાડી પણ કરતા હોય યા તો કરાવતા હોય, કૂટમાં તો કીડા જેવા બની ગયા હોય, મધ્યરાત્રિએ પણ મજેથી ભોજનપાન કરતા હોય, મજેના રાણી-છાપના બૂટ અથવા પાવડીઓ પણ પહેરતા હોય, વ્યાજે નાણું ધીરતા હોય, નાણું ન પતે એવું હોય તો કોર્ટોમાં દાવા કરીને જપ્તિ પણ લાવતા હોય, તો આવાઓને શું મહાત્મા-ઓ તરીકે ઓળખાવાય ખરા ? કદી જ નહિ. જો આવાઓને મહાત્માઓ તરીકે માનીએ, તો પછી જગતના સઘળા ગૃહસ્થોને મહાત્માઓ તરીકે માનવા રહ્યા. તો પણ જગત ઝુકનેવાલે હય ઝુકાનેવાલે ચાહીએ.

૨૯. શિવરમણીના રસિયાઓએ તો ભાવા-ચાર્યનું નામસ્મરણ કદીયે ચૂકવું નહિ, એટલું જ નહીં પરંતુ પાપાચાર્યોનો દૂરથી જ સર્પની માફક ભયંકર માનીને-ત્યાગ કરવો જોઇએ.

૩૦. અરે ! અનંત ઉપકારી મહાપુરુષો ત્યાં સુધી ફરમાવે છે કે જેમ વિષ્ટામાં પડેલી ચંપક-માલા મસ્તકે ધારણ કરવા લાયક રહેતી નથી તેમ પતિતોના સ્થાનમાં રહેલ સુવિહિત મહા-ત્માઓ પણ પૂજ્ય નથી.

૩૧. દુનિયા કહે છે કે જેણે પૂર્વે તપ કર્યો હોય તે રાજા થાય. તો પોતાને આસ્તિક મના-વનાર ધર્મના મહિમાને ન માને એ કેવી વાત !

૩૨. ધર્મના મહિમાને નહિ માનનારા મહાકૃતઘ્નશિરોમણી છે.

૩૩. પાપાનુબંધી પુણ્યકર્મના ઉદયે કદાચ અનાડીયો આ ભવની વિપત્તિને ન પણ માને, તો પણ પરભવમાં તો તે અવશ્ય દુઃખી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## પંજાબના વર્તમાન.

કસૂર( પંજાબ )માં શ્રી આદીશ્વર પ્રભુનું ગગનચૂંબી જિનાલય બંધાઇ તૈયાર થતા પૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે પોષ શુદિ પુનમના શુભ મુહૂર્ત્તે શ્રી અંજનશલાકા અને પ્રતિષ્ઠા સાનંદ સમારોહપૂર્વક થઇ હતી.

વિધિવિધાન વલાદવાળા શેઠ ફૂલચંદ ખીમચંદ તથા એમના સુપુત્ર બુરાભાઇ આદિએ સાનંદ કરાવ્યાં. પ્રતિષ્ઠાને લગતા તમામ દૃશ્યો જોવાલાયક હતા.

ચૌદશના દિવસે રથયાત્રાનો વરઘોડો સમારોહપૂર્વક ચઢયો હતો. ફિરોજપુર છાવણીના સોનેરી રથમાં પ્રભુપ્રતિમા અને બગ્ગીમાં પરમોપકારી સ્વર્ગવાસી ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની પ્રતિકૃતિ બિરાજમાન કરવામાં આવી હતી. ફિરોજપુર જૈન હાઇસ્કૂલ બૅન્ડ, લાહોરી બૅન્ડ એકત્રિત થયેલ માનવમેદનીના દિલને આકર્ષી રહ્યાં હતાં. કસૂર, લુધીઆના, નારોવાલ, જીરા, મુલતાન, શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબ, આત્મસંઘ લાહોરની ભજનમંડળીઓએ મનોહર ભજનોથી માનવીઓના મન જીતી લીધા હતાં.

વરઘોડો ફરતાં ફરતાં લાલા બલ્લેશાહ ક્ષત્રીની દુકાન ( જ્યાં આચાર્યશ્રીજી આદિ મુનિમંડળી વરઘોડો જોવા માટે બિરાજી હતી ) પાસે આવતાં માનવસાગર ઉભરાઇ રહ્યો હતો.

પંડાલમાં આચાર્યશ્રીજીના દેવતત્ત્વ અને પ્રતિષ્ઠા વિષયક મનોહર વ્યાખ્યાનો અને લાલા મંગતરામજી જૈન અંબાલવી, બાબુ જ્ઞાનચંદજી ગુજરાંવાલીયા અને લાલા ખેતુરામજી જીરાનિવાસીની અધ્યક્ષતામાં સભાઓ ભરાઇ. પંડિત પૃથ્વીરાજજી, રામકુમારજી શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબના ભૂતપૂર્વ વિદ્યાર્થી હાલ અધ્યાપક, શ્રી આત્માનંદ જૈન કૉલેજના પ્રોફેસર વિમલપ્રસાદજી, 'વિશ્વબંધુ'ના સંપાદક શ્રીયુત માધવજી આદિના ભાષણો થયાં હતાં.

## વિશ્વકેશરી.

ગ્વાલીયરનિવાસી પંડિત ભૈયા શાસ્ત્રીજીએ બોલતાં જણાવ્યું કે આચાર્યશ્રીજીનું મહત્ત્વશાળી વ્યાખ્યાન સાંભળી હું ઘણો જ ખુશી થયો છું. આપણે આચાર્યશ્રીજીને **પંજાબકેશરી** કહી પોકારી રહ્યા છીએ, વાસ્તવ્યમાં આચાર્યશ્રીજીને **વિશ્વકેશરી** કહેવા જોઇએ. **એવં છે જ વિશ્વકેશરી;** કેમકે આચાર્યશ્રી વિશ્વમાં વિચરી ધર્મોપદેશરૂપી સિંહગર્જના કરી પાપરૂપી પશુઓને નસાડી મૂકે છે.

બિકાનેર શ્રી સંઘના તરફથી આચાર્યશ્રીજીને બિકાનેર પધારવા જોરદાર વિનંતી કરતાં બાબુ રિખભચંદજી ડાગા બિકાનેરીએ જણાવ્યું; કે ગુરુદેવ ! બિકાનેર શ્રીસંઘ ચાતકની પેઠે આપશ્રીજીનાં દર્શન માટે આતુર છે વાસ્તે કૃપા કરી બિકાનેર પધારી શ્રી સંઘને લાગેલી તૃષાને શાંત કરો.

લાલા મંગતરામજી અંબાલવીએ જણાવ્યું કે આચાર્યશ્રીજીને બિકાનેર શ્રી સંઘે જોરદાર વિનંતી કરી, ગુજરાત, મારવાડ, કાઠિયાવાડથી પણ વિનંતીપત્રો આવી રહ્યાં છે. સૌ કોઇ ગુરુદેવને ચાહે છે પણ આ વૃદ્ધાવસ્થામાં આચાર્યશ્રીજીને પંજાબ ન છોડવું જોઇએ, દેવદ્રવ્યાદિની આવક સમયાનુસાર સારી થઇ, સ્થાનકવાસી બંધુઓ અને નગરનિવાસિઓએ સહકાર આપી પોતાની લાગણી બતાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંજનશલાકા સંબંધી કોઇ પણ જાતનો નકરો રાખવામાં નહોતો આવ્યો.

અત્રેથી વિહાર કરી આચાર્યશ્રીજી રાયકોટ તરફ પધારશે ત્યાં વૈશાખ શુદિમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવવા વિચાર છે.

## વરસોડામાં ઉપધાન તપ.

આ. શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ, પં. શ્રી લલિતવિજયજી મહારાજ અને વિદ્વાન મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજના નેતૃત્વ નીચે વરસોડામાં ઉપધાન તપની ક્રિયા ચાલે છે. સાથે મુનિરાજ જયસાગરજી મહારાજ તથા મુનિ શ્રી સમતાસાગરજી મહારાજ અને મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજની હાજરી છે. ઉપધાન ક્રિયામાં સારી સંખ્યામાં હાજરી છે.

## સિંઘી જૈન ગ્રંથમાળા.

કલકત્તાનિવાસી શ્રી બહાદુરસિંહજી સાહેબ સિંઘીએ પોતાના પિતાશ્રીના સ્મરણમાં મુનિ જિનવિજયજીની પ્રેરણાથી 'સિંઘી જૈન ગ્રંથમાળા' નામની એક ગ્રંથપ્રકાશન યોજનાની આજથી દશ–અગિયાર વર્ષ પહેલાં શરુઆત કરી હતી. તે યોજનાદ્વારા આજ સુધીમાં ૧૫–૧૭ જેટલા અપૂર્વ જૈન ગ્રંથો સારા સારા વિદ્વાનો પાસે સંપાદિત–સંશોધિત કરાવીને પ્રગટ કરવામાં આવ્યા છે અને તે યોજના પાછળ સિંઘીજીએ લગભગ ૫૦૦૦૦) રૂપિયાનો ખર્ચ કર્યો છે. આ આખી ગ્રંથમાળા શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીની વિજ્ઞપ્તિને માન્ય રાખીને શ્રી બહાદુરસિંહજી સાહેબ સિંઘીએ ભારતીય વિદ્યાભવનને સમર્પણ કરી છે અને તે ઉપરાંત ભારતીય વિદ્યાભવનના ભવ્ય મકાનમાં એક મધ્યવર્તી વિશાળ વ્યાખ્યાનશાળા બનાવવા માટે રૂ. ૧૦૦૦૦) નું દાન કર્યું છે. હવે પછી 'સિંઘી જૈન ગ્રંથમાળા'ના સર્વ પ્રકાશનો મુનિ જિનવિજયજીની દેખરેખ નીચે ભારતીય વિદ્યાભવન મારફત કરવામાં આવશે. ભારતીય વિદ્યાભવન જેવી પ્રતિષ્ઠિત સંસ્થાને પ્રસ્તુત ગ્રંથમાળાનું સર્વ આયોજન સોંપવા માટે તેમજ ઉપર જણાવેલ રકમનું દાન કરવા માટે શ્રી બહાદુરસિંહજી સાહેબ સિંઘીને તેમજ તેમના પ્રેરક મુનિ જિનવિજયજીને ધન્યવાદ ઘટે છે.

## શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ.

સંવત ૧૯૬૮ ના કારતક શુકલ પંચમી ( જ્ઞાનપંચમી ) ના શુભ દિવસે બાળબ્રહ્મચારી સ્વ. મુનિશ્રી ચારિત્રવિજયજી મહારાજ( કચ્છી )ના સદુપદેશથી સ્થાપવામાં આવેલ આ સંસ્થાનો રજત મહોત્સવ શ્રી શત્રુંજય મહાતીર્થની શીતળ છાયામાં ઊજવવાનું ઠરાવવામાં આવ્યું છે.

આ રજત મહોત્સવની ઊજવણીના ત્રણ દિવસો મહા શુદિ ૧૧–૧૨–૧૩ સોમ, મંગળ, બુધ તા. ૧૫–૧૬–૧૭ ફેબ્રુઆરી સને ૧૯૪૩ નક્કી કર્યા છે અને તે દિવસોએ અનુક્રમે રજત મહોત્સવ અંગેનો મેળાવડો, વિદ્યાર્થીઓના સંવાદો, ઇનામી મેળાવડો, વ્યાયામના પ્રયોગો ઉપરાંત જુના તથા નવા વિદ્યાર્થીઓનું સંમેલન આદિ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે.

મહોત્સવનું પ્રમુખ સ્થાન શ્રી વઢવાણ કૅમ્પનિવાસી શ્રીમાન શેઠ રતિલાલ વર્ધમાન શાહે સ્વીકાર્યું છે.

સંસ્થાના દરેક સહાયકને તેમજ જુના વિદ્યાર્થીને આ પ્રસંગે પધારીને પ્રોત્સાહન આપવા ખાસ આમંત્રણ છે.

રૂ. ૩૦૦૦૦) મકાન ફંડ ખાતે ખેંચાતી રકમ હવે તેમ ન રહેવી જોઇએ માટે જૈન બંધુઓએ ઉદારતાથી તેટલો ફાળો આપવો જ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાભાર સ્વીકાર.

**ધર્મવીર ઉપાધ્યાય** એ નામની બુક આ સભાના પેટ્રન સાહેબો તથા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે પરમકૃપાળુ આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તરફથી ભેટ મળેલ છે જે માટે આ સભા આભાર માને છે.

**૧. આગમસારિણી ગ્રંથ** તથા **૨. સિદ્ધાંત રહસ્ય ભા. ૧ લો.** આ બંને ગ્રંથો પત્રીનિવાસી શેઠ લખમશી કેશવજી તરફથી આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા મળ્યા છે, તે માટે આભાર માનવામાં આવે છે.

---

## આ સભાની ફ્રી લાયબ્રેરી માટે ભેટ.

આ સભાના ઉપપ્રમુખ દોશી દામોદરદાસ દીયાળજી તરફથી આ સભાની લાયબ્રેરીને ૪૬ ઇંગ્રેજી પુસ્તકો ભેટ મળ્યા છે જે માટે આભાર માનીએ છીએ.

---

## ‘શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર.’

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિકે છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

## શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-
## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

**'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા'ના પ્રાચીન માગધી, સંસ્કૃત ગ્રંથો માટે નમ્ર સૂચના.**

**वसुदेवहिंडि**—પ્રથમ ભાગ સિલિકે નથી, જેથી પ્રથમ ભાગ ખરીદ કરનાર મહાશયોએ બીજો ભાગ તુરત મંગાવી લેવો. તે પણ હવે સિલિકે જૂજ છે.

**श्री बृहत्कल्पसूत्र**—પ્રથમ ભાગ સિલિકે નથી, જેથી પ્રથમ ભાગ લેનાર મહાશયોએ બીજાથી પાંચમા ભાગ સુધી, બીજા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે ત્રીજો, ચોથો, પાંચમો, ત્રીજા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે ચોથો, પાંચમો ભાગ અને ચોથા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે પાંચમો ભાગ સત્વર મંગાવી લેવો. તે ભાગો પણ સિલિકે જૂજ છે.

( છઠ્ઠો ભાગ તૈયાર થાય છે, તૈયાર થયે જાહેર ખબર આપીશું. હમણાં કોઈએ તે માટે લખવું નહિ.)

**कर्मग्रंथ भाग १–२** ( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકા ) કે જે હાલ ધાર્મિક શાળાઓમાં અભ્યાસમાં પ્રચલિત છે. જેનો પ્રથમ ભાગ ખલાસ થઈ ગયેલ છે. બીજા ભાગની નકલો જૂજ છે. પહેલો ભાગ ખરીદેલ હોય તેમણે સત્વર બીજો ભાગ મંગાવી લેવો.

**प्राचीन चार कर्मग्रंथ**—એક પણ કોપી સિલિકે નથી.

( ઉપરોક્ત ગ્રંથોના બીજા બધા ભાગોમાં હવે પછી કમીશન આપવામાં આવશે નહીં. )

વ્યવસ્થાપક,
**'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા.'**

---

**'શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા.'**

**શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર** ( ભાષાંતર )—પ્રથમ ભાગ સિલિકે નથી. પ્રથમ ભાગ ખરીદનારે બીજો ભાગ ( સંપૂર્ણ ) તુરત મંગાવી લેવો.

**સેક્રેટરીઓ.**

---

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂ. ૨–૦–૦ ( સિલિકે નથી )**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂ. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા થકી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઈપો અને મજબૂત તથા સુંદર બાઈંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. ( ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી ) બીજા ભાગની કિંમત રૂ. ૪–૦–૦ પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only